*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




❀ વર્ષ ૩૭ * ઓક્ટોબર, ૧૯૮૦ * અંક ૪ ❀

## સુવર્ણપુરી સમાચારઃ-

# પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો '૯૭' મો જન્મજયંતી-મહોત્સવ

**મંગલમય મંગલકરણ, વીતરાગવિજ્ઞાન;**
**નમું તેહ, જેથી થયા અરિહંતાદિ મહાન.**

એકત્વવિભક્ત નિજ શુદ્ધાત્માની વીતરાગવિજ્ઞાનમય વિમળ અનુભૂતિ આ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ મંગળ છે. અરિહંત, સિદ્ધ વગેરે ભગવંતો તથા આચાર્ય આદિ સાધક સંતો આ અનુભૂતિના મંગલ પ્રતાપે જ મહાન થયા છે. વીતરાગવિજ્ઞાનસુધાપ્લાવિત તે નિર્મળ અનુભૂતિ જ ભવભ્રમણના અંતનો–દુઃખસંતતિછેદનનો–માર્ગ છે. વીતરાગ જિનવાણીમાં પણ સર્વત્ર વીતરાગવિજ્ઞાનનો જ મહિમા ગાયો છે તેનું યથાર્થ સ્વરૂપ તથા તેની પ્રાપ્તિનો સાચો ઉપાય આચાર્યભગવંતોએ, જિનવાણીના હાર્દને હૃદયંગમ કરી સમયસાર વગેરે પરમાગમોમાં સ્પષ્ટ બતાવ્યો છે.

ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રણીત શ્રી સમયસાર વગેરે પરમાગમોમાં નિબદ્ધ વીતરાગવિજ્ઞાન–પરમામૃતનું રસપાન કરી જેમણે વીરપ્રભુના સૂના પડેલા શાસનમંદિરને અધ્યાત્મપિપાસુઓથી પુનઃ ગૂંજતું કર્યું છે અને સમગ્ર ભારતવર્ષમાં સમયસારના સદુપપ્રદેશ દ્વારા શુદ્ધાત્મ શ્રદ્ધાજ્ઞાનના પવિત્ર આંદોલન વડે ચમત્કારી ધર્મયુગ પ્રવર્તાવ્યો છે તે મંગલમૂર્તિ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવે વીતરાગવિજ્ઞાનમય જિનેન્દ્રમાર્ગનું યથાર્થ સ્વરૂપ બતાવી મુમુક્ષુઓ પર મહાન ઉપકાર કર્યો છે.

પૂજ્ય ગુરુદેવના પવિત્રતમ ઉપકારને ઝીલી જેમણે પોતાનું જીવન, સાધના તથા દશા વીતરાગવિજ્ઞાનમય સ્વાનુભૂતિથી વિભૂષિત કર્યાં છે તે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનું વ્યક્તિત્ત્વ પણ મંગલ તેમ જ મહાન છે. તેમણે ૧૮ વર્ષની લઘુ વયમાં સ્વયં અંતર્મંથન તથા ઉગ્ર પુરુષાર્થ વડે નિર્મળ સમ્યગ્દર્શન તથા નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિની પ્રાપ્તિ કરી લીધી છે. બાળપણથી જ તેમને આત્મપ્રાપ્તિની તમન્ના હતી. 'મારે આત્મા જોઈએ છે, આત્મદર્શન પ્રાપ્ત કરવું છે' —એવી ફક્ત એક આત્માની જ વાત હતી. જગતના અન્ય સમસ્ત વિષયોથી તેમની રુચિ ઊઠી ગઈ હતી. વિરક્ત રુચિ તથા આત્મપ્રાપ્તિની તીવ્ર લગનીના અંતઃપુરુષાર્થે તેમને આત્મસાક્ષાત્કાર કરાવ્યો. ભગવાન આત્માનાં દર્શન થયાં; અતીન્દ્રિય આનંદનો મહેરામણ અંદરમાં ઊછળવા લાગ્યો; સમગ્ર જીવન બાહ્ય ઉપાધિથી અબદ્ધસ્પૃષ્ટ–અલિપ્ત–હળવું લાગવા માંડયું; જીવન જાત્યાંતર દશાને પામ્યું. [ અનુસંધાન પાનું... ૨૭ ]

વાર્ષિક લવાજમ નવ રૂપીયા
વર્ષ ૩૭ અંક ૪ [૪૪૪]

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.
આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર સંવત ૨૫૦૬
A. D. 1980 OCT.

# પ્રભુ ! તારામાં ને સિદ્ધમાં કાંઈ તફાવત નથી

જે સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં કાંઈ પણ ભેદ હું કયા નયથી જાણું ?( તેમનામાં ખરેખર કાંઈ પણ ભેદ અર્થાત્ તફાવત નથી. )

શ્રી નિયમસાર, શ્લોક–૭૧ ઉપર
પૂજ્ય ગુરુદવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૬–૮–૮૦

સુબુદ્ધિઓને તેમ જ કુબુદ્ધિઓને પ્રથમથી જ શુદ્ધતા છે, તેમનામાં ભેદ કયા નયથી જાણું ? —એમ કહીને વ્યવહારનયની તુચ્છતા બતાવી છે. વ્યવહારનયની કાંઈ ગણતરી જ કરી નથી. અરે પ્રભુ! તારામાં ને સિદ્ધમાં કઈ નયથી ફેર ગણું ? –વ્યવહારનયથી... પણ વ્યવહાર કાંઈ ગણતરીમાં નથી. આ સંસારી ને આ સિદ્ધ એ કઈ રીતે ભેદ પાડું ? કઈ નયથી ફેર પાડું ? વ્યવહારનયની તો ગણતરી જ નથી.

અરે પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ છોને! તારી સત્તા છે... છે... છે... ત્યાં નજર જતી નથી. નજરના પુરુષાર્થમાં આખો ભગવાન દેખાય છે. અહીં તો આચાર્યદેવ કહે છે કે સંસારીમાં ને સિદ્ધમાં કઈ નયથી ભેદ પાડું? શુદ્ધનયને જ ગણવામાં–ગણતરીમાં લેવામાં

આવી છે, વ્યવહારનો તો ઉપહાસ કરવામાં આવ્યો છે. સંસારીમાં ને સિદ્ધમાં કાંઈ પણ ભેદ નથી. તો કઈ નયથી ભેદ જાણું ?

ચાહે તો નિગોદના જીવ હો કે સિદ્ધ હો—બેમાં ભેદ કઈ નયથી પાડું ? વ્યવહાર તો કાંઈ ગણતરીમાં છે જ નહીં. વ્યવહારનયને અભૂતાર્થ કહીને, ગૌણ કરીને ઉડાડી દીધી. ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો, પોતાનું સ્વરૂપ ખ્યાલમાં આવ્યું તે કહે છે કે સુબુદ્ધિ ને કુબુદ્ધિ તે બેમાં ભેદ કઈ નયથી જાણું ? પોતાના આનંદના નાથના સ્વીકાર આગળ સર્વ જીવો આનંદસ્વરૂપ ભાસે છે, ભગવાનસ્વરૂપે ભાસે છે, તો તેમાં કઈ નયથી ભેદ પાડું ?

પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો ત્યાં સુબુદ્ધિ ને કુબુદ્ધિમાં કઈ નયની ભેદ પાડું ? આહાહા ! દિગંબર સંતોના શબ્દો પણ ગજબ છે. બે-ચાર શબ્દો હોય પણ ઠેઠ અંદર ઉતારી દે. કહે છે કે બેમાં કઈ નયથી ભેદ પાડું ?

અંતરનો નાથ અપ્રતિહતભાવે અનાદિ સત્તાના સામર્થ્યથી પોતાના ચૈતન્યધામમાં બિરાજમાન છે તો હું સુબુદ્ધિ ને કુબુદ્ધિમાં કઈ નયથી ભેદ પાડું ? સાતમી નરકમાં ને નિગોદમાં અનંતવાર ગયો પણ નિગોદના જીવ ને સિદ્ધમાં કઈ નયથી હું ભેદ જાણું ? આત્મા... આત્મા... ને.. આત્મા.. ભગવાન.. ભગવાન.. ભગવાન બધા ભગવાન. આહાહા ! મુનિરાજ શું કહેવા માગે છે તે ભાવ ખ્યાલમાં આવે છે પણ એટલા ગંભીર ભાવો છે કે બધા કહી શકાતા નથી.

પ્રભુ ! કઈ નયથી તને હીણો કહું ? પ્રભુ ! તેમનામાં ખરેખર કઈ ભેદ નથી તો હું કઈ નયથી ભેદ જાણું ? વ્યવહારનયથી ફેર છે એ ક્યાં ગયો ? —કે એ ભેદ ગયો એના ઘરમાં... આહાહા ! કેટલાક શ્લોકો તો એટલા ગંભીર છે કે તેના ભાવો ભાષામાં આવી શકતા નથી.

નિગોદમાંથી ક્યારેય નહીં નીકળેલા જીવો ને સિદ્ધના જીવો તેમનામાં કઈ નયથી હું ભેદ જાણું ? —અંતરની મહિમાની વાત છે. ચૈતન્યશક્તિવાન જેને પ્રગટ દશામાં જાણવામાં આવ્યો તેને બધા ભગવાન ભાસે છે; તો કઈ નયથી તેઓમાં ભેદ ભાસે ? દિવ્યધ્વનિ એમ કહે છે કે કુબુદ્ધિ-સુબુદ્ધિમાં ભેદ કઈ નયથી પાડું ? મુનિરાજ કહે છે એ ભગવાન જ કહે છે. મુનિરાજ કહે છે તે ભગવાનથી કાંઈ ફેર પાડીને કહેતા નથી. ભગવાનની વાણીમાં આવ્યું કે કુબુદ્ધિઓ ને સુબુદ્ધિઓમાં કઈ નયથી બચાવ કરીને ભેદ પાડું ?

આ દૃષ્ટિ જેને બેસી ગઈ તેને અલ્પકાળમાં પરમાત્મા હોવાની તૈયારી થઈ ગઈ. દ્રવ્ય તો મહા ચમત્કારિક ચીજ છે. તેના માટે તો કાંઈ કહેવાનું નથી ને પર્યાયમાં સિદ્ધ થયા

પછી કાંઈ શુદ્ધતા વધશે—એ વાત રહેવા દે, ત્યાં બસ કર. પર્યાય પૂરણ થઈ પછી ત્યાં બસ થઈ ગયું. અહીં તો કહે છે કે પ્રભુ! સાક્ષાત્ સિદ્ધ થયા ને તારો આત્મા—એમાં હું કઈ નયથી પણ ભેદ પાડું?

આહાહા! એટલી ગંભીરતા ભાસે છે કે શબ્દોમાં કહી શકાતી નથી. તારામાં ને સિદ્ધમાં કાંઈ ભેદ કઈ નયથી જાણું? એ બેમાં કાંઈ પણ ભેદ, કાંઈ પણ જુદાઈ કઈ નયથી જાણું? એકલો પરમાત્મા ભગવાન.....ભગવાન....ભગવાન દૃષ્ટિમાં ધ્રુવ તરે તો હું કઈ નયથી હીનતા જાણું? એક સમયનો ફેર પડે છે તો તે ફેરને હું કઈ રીતે જાણું? એક સમયના અંતરમાં મિથ્યાત્વમાંથી સમકિત થઈ જાય છે, અંદર મિથ્યાત્વ હતું જ ક્યાં? અંદર જે હતું તે નીકળ્યું.

વ્યવહારનય તો કથનમાત્ર છે તેમ કળશટીકામાં કહ્યું છે. અહીં કહે છે કે વસ્તુમાં કાંઈ ફેર નથી. અરે! અમે તને કહીયે છીએ કે તારામાં હીણપ ન દેખ! કઈ નયથી તારામાં હું હીણપ દેખું? સિદ્ધ કરતાં અલ્પતા તારામાં કઈ નયથી દેખું? પોતાને દેખતા બીજી કાંઈ ચીજ અમને દેખવામાં આવતી નથી તો બીજામાં પણ સિદ્ધ ને સંસારીમાં ભેદ કઈ નયથી જાણું? આહાહા! ગજબ વાત કરી છે.

[ તા ૨૬-૮-૮૦ ના આ અલૌકિક પ્રવચનના સૂક્ષ્મભાવની ગંભીરતા ન સમજાય ને એક ને એક વાત જેવું લાગે તો તેમણે પૂજ્યશ્રીના પ્રવચનની ટેપ સાંભળીને આ કળશના ભાવોની ગંભીરતા સમજવા પ્રયત્ન કરવો. ]

## તું જેવો છો તેવો થા

ભગવાન! તું આનંદ સ્વરૂપ છો, રાગ ને વાણી આદિ જડને અડવા જેવું નથી એનાથી આભડછેટ લાગે છે. તું ભગવાન સ્વરૂપ જ છો ને તારે ભગવાન થવું પડશે ભાઈ! ઘોર સંસારનું કારણ એવી પ્રશસ્ત ને અપ્રશસ્ત વચનરચના અને કનક-કામીનીના મોહથી આભડછેટ લાગે છે એને છોડીને અને પશુ સમાન અજ્ઞાની જીવકૃત લૌકિક ભયને છોડીને તું જેવો છો એવો થા! અને તું જેવો નથી તેને છોડી દે! તું જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા છો એની શ્રદ્ધા કરીને એવો થા! અને ઘોર સંસારના કારણભૂત રાગાદિરૂપે તું નથી એને છોડી દે! આહાહા! દિગમ્બર સંતોએ મોક્ષને હથેળીમાં બતાવ્યો છે. પ્રભુ! તું મુક્ત સ્વરૂપ છો એની શ્રદ્ધા જ્ઞાન કરીને ઠરતાં મોક્ષ થાય છે.

-પૂજ્ય ગુરુદેવ

# ભેદજ્ઞાનનો ઉપાયઃ પ્રજ્ઞાછીણીનો પ્રહાર

પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી, ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.

અબરખનાં પડ કેવાં પાતળાં હોય છે, ત્યાં બરાબર સાવધાનીથી એને જુદાં પાડે, તેમ સૂક્ષ્મ ઉપયોગ કરી સ્વભાવ–વિભાવ વચ્ચે પ્રજ્ઞાથી ભેદ પાડ. જે ક્ષણે વિભાવભાવ વર્તે છે તે જ સમયે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જુદો જ છે પણ તને ભાસતો નથી. વિભાવ ને જ્ઞાયક છે તો જુદે જુદા જ;—જેમ પાષાણ ને સોનું ભેગા દેખાય પણ જુદાં જ છે તેમ.

પ્રશ્નઃ– સોનું તો ચળકે છે એટલે પત્થર ને તે–બન્ને જુદાં જણાય છે, પણ આ કઈ રીતે જુદા જણાય?

ઉત્તરઃ– આ જ્ઞાન પણ ચળકે જ છે ને? વિભાવભાવ ચળકતાં નથી પણ બધે જ્ઞાન જ ચળકે છે–જણાય છે. જ્ઞાનનો ચળકાટ ચારે તરફ પ્રસરી રહ્યો છે. જ્ઞાનના ચળકાટ વિના સોનાનો ચળકાટ શેમાં જણાય?

જેમ સાચાં મોતી ને ખોટા મોતી ભેગાં હોય તો મોતીનો પારખું એમાંથી સાચાં મોતીને જુદાં પાડી લે છે, તેમ આત્માને 'પ્રજ્ઞાથી ગ્રહવો', જે જાણનારો છે તે હું, જે દેખનારો છે તે હું —એમ ઉપયોગ સૂક્ષ્મ કરીને આત્માને અને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.

**સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ-સુખબુદ્ધિ તૂટી જાય છે. સ્વભાવમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય, એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે. ૧૯૭.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૮-૮-૮૦ ]

પ્રજ્ઞાછીણી શુભ અને શુદ્ધને ભિન્ન કરવાની કળા છે. શુભ અને શુદ્ધ એ બે વચ્ચે સૂક્ષ્મ સંધિ છે, તીરાડ છે, સાંધ છે. તેમાં પ્રજ્ઞાછીણી પટકવી. શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ સંધિમાં પ્રજ્ઞાછીણીને પટકવી. આ કરવાનું છે. એ સિવાય બધું અનંતવાર કર્યું. ધીરજથી અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણીને પટકવી. શુભાશુભ ને જ્ઞાન વચ્ચે એકતા નથી, સૂક્ષ્મસંધિ છે, ત્યાં પ્રજ્ઞાછીણી પટકવી.

ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરીને તે બન્નેની સંધિમાં એટલે કે રાગના વિકલ્પ ને જ્ઞાનની વચ્ચે સાવધાન થઈને પ્રજ્ઞાછીણી પટકવી. ભાષા તો સાદી છે પણ ભાવ ગંભીર છે. રાગ અને જ્ઞાન વચ્ચે સૂક્ષ્મસંધિ છે, સૂક્ષ્મ ઉપયોગ કરીને તે બેની ભિન્નતા કરવી. આ સમ્યગ્દર્શનની કળા છે. સૂક્ષ્મ ઉપયોગ એટલે શું? -કે પર તરફનો ઝૂકાવ છોડીને સ્વ તરફનો ઉપયોગ કરવો તે સૂક્ષ્મ ઉપયોગ છે. એ સૂક્ષ્મ-ઉપયોગ વડે બેની સંધિમાં સાવધાનીથી પ્રહાર કરવો. આ કરવાનું છે પ્રભુ! બાકી તો દ્રવ્યલિંગના એટલા ભવ કર્યા કે દ્રવ્યલિંગ ધારણ કરીને કોઈ પ્રદેશે ઉપજયો ન હોય એવું નથી—એટલા અનંતા ભવ કર્યા; એ દ્રવ્યલિંગ કાંઈ ચીજ નથી.

અંદર લક્ષણ દ્વારા એટલે કે રાગ તે આકુળતા છે ને પ્રભુ છે તે જ્ઞાન, દર્શન ને શાંતિ છે. એવા લક્ષણ વડે બેની વચ્ચેની સંધિ તોડવી, ભિન્નતા કરવી. આ તો બેનના વચનો છે. તેમને તો કોઈની પડી નથી, એ તો અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડયા છે. કહે છે કે આત્માના જ્ઞાનાનંદ લક્ષણે ને રાગના દુઃખ લક્ષણે ધીરજથી, સાવધાનીથી બેની સંધિને તોડી નાખવી. તેઓ એક-અભેદ તો થયા જ નથી, જે સંધિ છે તેને પણ તોડી નાખવી. તે વાત દ્રષ્ટાંતથી કહે છે.

અબરખનાં પડ કેવા પાતળાં હોય છે છતાં ત્યાં બરાબર ધીરજથી સાવધાનીથી એને છૂટા પાડે છે. તેમ સૂક્ષ્મ ઉપયોગ વડે સ્વભાવ-વિભાવ વચ્ચે ભેદ પાડ. વિભાવ દુઃખરૂપ છે ને સ્વભાવ આનંદરૂપ છે. આત્માના આનંદના એક અંશના સ્વાદ આગળ ઈન્દ્રના

ઈન્દ્રાસન તુચ્છ લાગે છે. રાગ તો આકુળતાનો પ્રવાહ છે ને ભગવાન આત્મા આનંદનું ધામ છે. એ બેનો પ્રજ્ઞા વડે ભેદ પાડ.

ભગવાન આત્મા આનંદનો સાગર છે. તેનો પતો ન મેળવે ત્યાં સુધી બીજું બધું થોથા છે. વ્યવહાર છે, વ્યવહાર હો, પણ વ્યવહારથી આત્મામાં જવાતું નથી. જે સમયે પર તરફના ઝૂકાવવાળો ભાવ વર્તે છે તે જ કાળે જ્ઞાતાધારા વડે સ્વભાવને જુદો જાણી લે. જે સયમે વિભાવભાવ વર્તે છે તે જ સમયે સ્વભાવને જાણી લે. ગમે તેવો શુભભાવ હો, શુક્લલેશ્યા હો પણ તેનાથી ભિન્ન સ્વભાવને જાણી લે. જુદો જ છે, ભિન્ન જ છે. પણ ભિન્નપણે જાણ્યો ત્યારે તેને ભિન્ન છે.

જ્ઞાતૃ–ધારા દ્વારા સ્વભાવને વિભાવથી ભિન્ન જાણી લે. કેમ કે ભિન્ન જ છે. જ્ઞાતૃધારા ને રાગધારા કદી એક થઈ નથી, ભિન્ન જ છે, માટે ભિન્ન જાણી લે. ભિન્ન જ છે પરંતુ તને ભિન્ન ભાસતો નથી. કેમ કે તારી દ્રષ્ટિમાં દ્રવ્ય તરફ ઝૂકાવ નથી અને ઊંડે ઊંડે સૂક્ષ્મ રાગ તરફ ઝૂકાવ છે તે કારણે તને ભિન્ન નથી ભાસતો.

ભગવાન આત્મા જ્ઞાયક ધ્રુવ ચૈતન્ય પ્રભુ ને વિકલ્પ રાગ એ બન્ને જુદા–જુદા જ છે. વાણી કાને પડી ને ધારણ કરી તેનાથી ભિન્નતા ખ્યાલમાં નહીં આવે. જેમ પાષાણ ને સોનું એકમેક દેખાય છતાં ભિન્ન જ છે તેમ જ્ઞાયક ને વિભાવ બન્ને ભિન્ન જ છે. એકમેક ક્યારેય થયા નથી, તારી માન્યતાની ભૂલ છે. સૂક્ષ્મ ઉપયોગ વડે સાવધાનીથી તેં સ્વભાવને જુદો જાણ્યો નથી. જ્ઞાયક સોના સમાન છે ને રાગ પાષાણ સમાન છે, બન્ને ભિન્ન જ છે, માટે જ્ઞાયકને રાગથી ભિન્ન તું જાણી લે.

**પ્રશ્નઃ**- સોનું તો ચળકે છે એટલે પથ્થર ને સોનું બન્ને ભિન્ન જણાય છે પણ આત્મા ને રાગ કઈ રીતે જુદા જણાય?

**ઉત્તરઃ**- પ્રભુ! આ જ્ઞાન પણ ચળકે છે ને? શરીરથી ભિન્ન જ્ઞાન ચળકે છે. વિભાવભાવ નથી ચળકતો. વિભાવભાવમાં જ્ઞાન નથી તેથી ચળકતો નથી, સર્વત્ર જ્ઞાન જ ચળકે છે. દયા–દાન આદિના ભાવમાં ચૈતન્યપણું નથી તેથી તે ચળકતા નથી, જ્ઞાન જ સર્વત્ર ચળકે છે પણ તેં ધ્યાન આપ્યું નથી. સર્વને જાણતું જ્ઞાન જ ચળકી રહ્યું છે, જ્ઞાન જ જણાઈ રહ્યું છે. જ્ઞાનની ચમક ચારે તરફ ફેલાઈ રહી છે. જ્ઞાનની ચમક વિના સોનાની ચમક શેમાં જણાય? સોનાની ચમક જ્ઞાન જાણે છે તેમ પોતાની ચમક પોતે જાણે છે, તેના માટે રાગ–વિકલ્પની કોઈ જરૂર નથી.

પ્રભુ! તેં વિચારે કર્યો નથી કે આ બધી ચમક તો જ્ઞાનની છે. જ્ઞાન સિવાય કોઈ કાંઈ જાણતું નથી, સોનું ચળકે છે તે જ્ઞાને જાણ્યું છે ને!

જેમ સાચાં મોતી ને ખોટા મોતી ભેગા હોય તો મોતીનો પારખું એમાંથી સાચાં મોતી ઉપાડી લેશે, પણ શરત એ છે કે મોતીનો પારખું હોવો જોઈએ. જેમ ધૂડ–ધોયો કાચની કટકી, પીતળની કટકી ને સોનાની કણ—એ ત્રણમાંથી સોનાની કણીને જુદી પાડી લે છે. તેમ રાગને પણ જાણનાર છે કોણ ? દયા–દાન વિકલ્પને જાણનાર છે કોણ ? –એ જાણનારને પ્રજ્ઞાથી ગ્રહવો. જ્ઞાનની ચમકથી આત્માને ગ્રહણ કરવો. જ્ઞાનની સૂક્ષ્મતાથી જ્ઞાનને પકડી લેવું. આ વિધિ છે. આ બેનના શબ્દો છે. અનુભવમાંથી આવેલા છે. અતીન્દ્રિય આનંદની દશામાંથી વાણી નીકળી ગઈ છે, તે આ વાત છે.

જેમાં રાગાદિ જણાય તે જાણનાર ચીજ હું છું. જે જાણનારો છે, જે દેખનારો છે તે હું છું. —એમ ઉપયોગને સૂક્ષ્મ કરીને, રાગ ને જાણનારો જુદો પડી જાય એવા સૂક્ષ્મ ઉપયોગ વડે આત્માને ને વિભાવને જુદા પાડી શકાય છે. આ જુદા પાડવાનું કાર્ય પ્રજ્ઞાથી જ થાય છે. પ્રજ્ઞા વડે એટલે કે પરની અપેક્ષા રાખ્યા વિના પોતાની વિશેષતા વડે પોતાને રાગથી ભિન્ન જાણી લેવો.

આ કાર્ય કરવાનું છે. બાકી તો અનંતા ભવો દુઃખમાં ગાળ્યા છે. વાદીરાજ મુનિ તો કહે છે કે પૂર્વની વેદના યાદ કરતાં વજ્રના જેવો ઘા પડે છે એટલે કે એટલું બધું દુઃખ વેઠયું છે. પણ વિચારેય ક્યાં કરે છે ? નરકની એક ક્ષણના દુઃખનું શું કહેવું ભાઈ ! એ દુઃખથી છૂટવાની આ વાત છે.

સાધન શું ? —કે પ્રજ્ઞા જ સાધન છે. રાગ ને જ્ઞાન વચ્ચે સંધિ છે ત્યાં પ્રજ્ઞાછીણીને પટક, તારી ચીજ ભિન્ન થઈ જશે. ભિન્ન છે માટે ભિન્ન પડી જશે. એકમેક હોય તો ભિન્ન ન થાય. પરંતુ રાગને આત્મા ભિન્ન જ છે, ત્યાં પ્રજ્ઞાછીણી પટકવાથી ભિન્નતા થઈ જાય છે.

સ્વભાવની મહિમા વડે પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ–સુખબુદ્ધિ તૂટી જાય છે. સ્વભાવમાં જ રસ લાગે, ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેમાં જ રસ લાગે, બીજું નીરસ લાગે. વ્યવહારરત્નત્રય પણ નીરસ લાગે. ભગવાન આત્મા સિવાય બધું જ નીરસ લાગે ત્યારે અંતરની સૂક્ષ્મ સંધિ જણાય. સ્વભાવમાં રસ લાગે, બીજું બધું નીરસ લાગે ત્યારે રાગને આત્મા વચ્ચેની સૂક્ષ્મ સંધિ જણાય. એમ ન હોય કે પરમાં તીવ્ર રુચિ હોય ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.

# દ્રવ્યનું અવલંબન લેતાં શુદ્ધ પર્યાય પ્રગટે જ

'હું અનાદિ–અનંત મુક્ત છું' એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દ્રષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે' એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે. ૧૦૦.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૪–૮–૮૦ ]

'હું અનાદિ–અનંત મુક્ત છું' —મુક્તદશા તો સાદિ અનંત છે અને પ્રભુ છે તે અનાદિ–અનંત છે. એવા અનાદિ–અનંત મુક્ત શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર દ્રષ્ટિ દેતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે. જેમાં પર્યાયનું પલટવું પણ નથી એવા શુદ્ધ આત્મદ્રવ્યની દ્રષ્ટિ કરતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે દ્રવ્ય તો મુક્ત છે, મુક્તિની પર્યાય આવવી હોય તો આવે. મારી દ્રષ્ટિ તો દ્રવ્ય ઉપર જ છે ને દ્રવ્ય તો મુક્ત જ છે તેના ઉપર દ્રષ્ટિ દેતા પર્યાયમાં મુક્તિ થશે થશે ને થશે જ. હું તો ત્રિકાળી અનાદિ અનંત આનંદકંદ છું, સિદ્ધ પર્યાય પણ આવવી હોય તો આવે, અમારે તેની પરવાહ નથી. દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિ થતાં દ્રવ્યની આગળ અમારે સિદ્ધ પર્યાયની પણ પરવાહ નથી. એ રીતે દ્રવ્ય પ્રત્યે આલંબન ને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં મુક્તિ આવે, આવે ને આવે જ. ધ્રુવના જોર આગળ મુક્તિની પર્યાય પણ આવવી હોય તો આવે–એમ ઉપેક્ષાવૃત્તિ થતાં મુક્તિની પર્યાય આવશે જ. વૃક્ષના મૂળને પકડયું તેને ફળ–ફૂલ તો આવશે જ. તેમ જેણે ભગવાન આત્માને પકડયો તેને મુક્તિનું ફળ આવશે જ, આવે જ. ગમે તે પર્યાય હો, ક્ષાયિક સમકિતની પર્યાય હો પણ પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે જ છે–એવી પર્યાયની મર્યાદા છે. જો સ્વાભાવિક શુદ્ધ પર્યાય ન પ્રગટે, સાધકભાવ પ્રગટ થયો ને સિદ્ધપણું ન આવે તો દ્રવ્યનો નાશ થાય;–સિદ્ધપણું પ્રગટે, પ્રગટે ને પ્રગટે જ.

# શુદ્ધાત્મ-અવલોકન जाण अलिंगग्गहणम्।

[ પ્રવચનસાર, ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

## પ્રવચન નવમું

[ વીર સંવત ૨૫૦૪, માગશર સુદ ૫, ગુરુવાર, તા. ૧૫-૧૨-૭૭ ]

શ્રી પ્રવચનસાર શાસ્ત્રમાં અલિંગગ્રહણના બોલ ૧૧ મા કહ્યું કે લિંગ દ્વારા એટલે ઉપયોગ નામના લક્ષણ દ્વારા ગ્રહણ એટલે પૌદ્‌ગલિક કર્મનું ગ્રહવું જેને નથી. આત્મા એને કહીએ કે જેને પુણ્ય-પાપનું કર્તાપણું નથી. શુભાશુભભાવનું કર્તાપણું નથી તેથી તેને દ્રવ્યકર્મનો સંબંધ નથી, એને આત્મા કહીએ. કારણકે પુણ્ય-પાપના ભાવ છે તે આત્મા નથી અને એનું કરવાપણું પણ આત્મામાં નથી. એ તો પુણ્ય-પાપના ભાવને જાણનારો છે. કર્મનો સંબંધ જેને નથી અને વિકારનું કર્તાપણું જેના સ્વભાવમાં નથી એને અહીં આત્મા કહેવામાં આવે છે. હવે ૧૨ માં બોલમાં કહે છે કેઃ-

**જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૨.**

જેને લિંગો દ્વારા એટલે કે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ઉપભોગ નથી, એ તો અતીન્દ્રિય આનંદનો ભોક્તા છે. વિષયનો ભોગ તો રાગ છે, ઇન્દ્રિય દ્વારા રાગ એ એના સ્વરૂપમાં જ નથી, એની પર્યાયમાંયે નથી. આત્મા તો નિર્મળ પર્યાયનો કર્તા છે અને નિર્મળ પર્યાયનો ભોક્તા છે. શરીરનો ભોક્તા તો નહિ, સ્ત્રી આદિના શરીરનો ને લક્ષ્મીનો ભોક્તા નહિ પણ તેના તરફના વલણવાળો જરા રાગ છે એનો પણ ભોક્તા આત્મા નહિ, કારણકે રાગ છે તે પરતત્ત્વ છે, આત્મતત્ત્વથી ભિન્ન તત્ત્વ છે, એટલે જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર ગઈ ને સમ્યગ્દર્શન થયું એને ઇન્દ્રિયના વિષયનો ભોગ આત્મામાં નથી. અજ્ઞાની હું વિષય ભોગવું છું એવા ભાવને કરે છે અને ભોગવે છે; વસ્તુસ્વરૂપની દૃષ્ટિ જેને છે એને આ નથી.

પહેલાં સમ્યગ્દર્શનનો વિષય જે અલૌકિક પ્રભુ છે તેને દૃષ્ટિમાં ન લ્યે ને એનો

સ્વીકાર ન થાય ત્યાંસુધી બધા થોથાં છે. એથી એમ કહ્યું કે અમે ભગવાન આત્મા એને કહીએ કે ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી, તેથી તે અલિંગગ્રહણ છે. આચાર્યભગવાને એક એક બોલમાં ઘણું સૂક્ષ્મપણું નાખ્યું છે. જેને ધર્મ પામવો છે એની દ્રષ્ટિ તો વસ્તુના સ્વભાવ ઉપર હોય છે. એથી એની પર્યાયમાં તો શાંતિ ને આનંદ ને વીતરાગતાની પર્યાયનું કરવાપણું ને ભોગવવાપણું છે; જોકે વીતરાગી પર્યાયનો કર્તા એ પણ ઉપચારથી છે. કેમ કે દ્રવ્ય કર્તા નથી, પર્યાયનો કર્તા પર્યાય છે. શ્રી કળશ ટીકામાં આવ્યું છે કે નિર્મળ પર્યાયનો કર્તા આત્મા અને એનું એ કર્મ એ પણ ઉપચાર છે, ભેદ પડી ગયો, વસ્તુ જે છે તે ચિદ્‌ઘન આનંદઘન પ્રભુ છે, ધ્રુવ છે તે નિર્મળ પર્યાયને કેમ કરે ને નિર્મળ પર્યાયને કેમ ભોગવે? નિર્મળ પર્યાય કર્તા, નિર્મળ પર્યાય તેનું કાર્ય, એ ષટ્‌કારકનું પરિણમન નિર્મળ પર્યાયમાં જાય છે.

અહીં તો ચૈતન્યસ્વભાવ પૂર્ણાનંદનો નાથ પ્રભુ ધ્રુવ એ વિકારનો કર્તા નથી માટે દ્રવ્યને કર્મનો સંબંધ જ નથી, તેમ ઇન્દ્રિયના વિષયના ભોક્તાનો ભાવ એ તો વિકાર છે, સ્વભાવ તો વિકારનો ભોક્તા છે નહિ. જેને દ્રષ્ટિમાં ભગવાન અતીન્દ્રિય આનંદ સ્વરૂપનો અંતરમાં સ્વીકાર ને અનુભવ થયો તેની દ્રષ્ટિમાં, એની દ્રષ્ટિના વિષયમાં ને એની દ્રષ્ટિની પર્યાયમાં ઇન્દ્રિયના વિષયનો ભોગ નથી. કેમ કે પોતાનું સ્વરૂપ અતીન્દ્રિય છે, એ અતીન્દ્રિયસ્વભાવી ભગવાન આત્મા એની પર્યાયમાં પણ ઇન્દ્રિયના વિષયને ભોગવે એવું સ્વરૂપ ક્યાં છે? અજ્ઞાની એની પર્યાયમાં પાંચ ઇન્દ્રિયના વિષયને ભોગવે છે તેમ ભ્રમથી માને છે, તે પર્યાય બુદ્ધિવાળો છે એટલે કે એ તો મિથ્યાદ્રષ્ટિ છે. ત્રિલોકનાથ પરમાત્માની આ વાણી છે, સંતો એ વાણી દ્વારા જગતને જાહેર કરે છે. સંતો એ વીતરાગતાના ભોક્તા છે. ટીકા કરવાનો જે વિકલ્પ આવ્યો છે તેના એ કર્તા પણ નથી ને ભોક્તા પણ નથી. જેને એ વિકલ્પથી ભિન્ન પડેલો પ્રભુ આખો દ્રવ્યસ્વભાવ જ્યાં દ્રષ્ટિમાં આવ્યો એ ભગવાન આત્મા અને એની દ્રષ્ટિ એટલે પર્યાય એ રાગની કર્તા નથી તેમ એ વિષયના ભોગના રાગનો ભોક્તા પણ નથી. ભાઈ, આ તો અનંત કાળમાં એણે જાણ્યું નથી, અનુભવ્યું નથી તેથી આકરું લાગે પણ વસ્તુ તો આ જ છે અને જન્મ-મરણ ટાળવા હોય તો આ કર્યે જ છૂટકો છે. નહિતર તો ચોરાશીના અવતારમાં મરી જશે. અત્યાર સુધીમાં અનાદિ સાંત કાળમાં અનંત કાળ તો જેને નિગોદના દુઃખને ભોગવવામાં ગયો. નારકીના એક ક્ષણનું દુઃખ એવું હોય છે કે તે કરોડો જીભથી કરોડો ભવમાં કહી શકાય નહિ તો નિગોદનું દુઃખ તો ઘણું આકરું છે. સંયોગથી જુએ તો નરકનું દુઃખ વધારે લાગે છે પણ વિપરીત દ્રષ્ટિ ને વિપરીત પરિણમનની અપેક્ષાએ જુએ તો નિગોદમાં બહુ દુઃખ છે. ત્યાં જ્ઞાનની પર્યાય અક્ષરને અનંતમે ભાગે રહી ગઈ છે, વસ્તુ ભલે વસ્તુપણે

છે પણ પર્યાયમાં અલ્પજ્ઞતાનું ઘણું દુઃખ છે કેમ કે નિગોદને એની પર્યાયમાં અલ્પજ્ઞપણું છે તે અનંતુ દુઃખ છે. દુઃખની વ્યાખ્યા એવી નથી કે માથે પ્રહાર પડે છે કે અગ્નિ બાળે છે માટે વધુ દુઃખી છે—દુઃખની વ્યાખ્યા એવી નથી, એ તો નિમિત્તના સંયોગની વ્યાખ્યા છે. દુઃખની વ્યાખ્યા તો આનંદસ્વરૂપ ભગવાન અંદર પર્યાયમાં જેટલો ઊંધો પડે તેટલું દુઃખ છે; આ દુઃખની વ્યાખ્યા છે. નિગોદના ભવમાં પ્રભુ! એક શ્વાસમાં અઢાર ભવ કર્યાં, એવા અનંત શ્વાસોમાં અનંત અનંત ભવ કર્યાં, એના દુઃખની શી સ્થિતિ કહેવી? ત્યાં એ પર્યાય વિકારની કર્તા પણ છે અને પર્યાય વિકારની ભોક્તા પણ છે. એમ અજ્ઞાની પંચેન્દ્રિય થયો, ક્ષયોપશમ કાંઈક વિશેષ થયો છતાં એને અનંતાનુબંધીનો તીવ્ર કષાય ને મિથ્યાત્વ તીવ્ર છે. જ્યાં અનંત અનંત પવિત્ર ગુણનો પિંડ છે એને છોડીને એક રાગના વિકલ્પનો સ્વીકાર ને આદર કરે છે તે જે અનંત અનંત ગુણો પવિત્ર ને આનંદરૂપ છે તેનો એ અનાદર કરે છે. આ દુઃખનું માપ શી રીતે કરવું? એ દુઃખના ઇન્દ્રિયના વિષયો તરફનું વલણ સમ્યગ્દ્રષ્ટિને ખસી ગયું છે. જેના અતીન્દ્રિય આનંદના ભોગવવામાં ઇન્દ્રિયના વિષયના રાગનું ભોક્તાપણું ગ્રહણ નથી અને અહીં આત્મા અલિંગગ્રહણ એટલે કે ભોક્તાની પર્યાયના લિંગ વિનાનો અલિંગગ્રહણ છે. ભગવાન આત્મા જેવડો મોટો છે એનો જે અનાદર છે તે એટલું જ મોટું ત્યાં દુઃખ છે અને જે મહાપ્રભુ મોટો છે એના અનુભવમાં આનંદની પર્યાય ભલે અલ્પ હોય પણ અતીન્દ્રિય આનંદ ત્યાં છે. જેણે ઇન્દ્રિયના ભોક્તાના ભાવથી ભિન્ન ભગવાન આત્મા છે એમ જાણ્યો એને ઇન્દ્રિયના ભોક્તાનો ભાવ છે જ નહિ, એનાથી ભિન્ન પડેલો પ્રભુ તો અતીન્દ્રિયની પર્યાયનો ભોક્તા છે.

લિંગો દ્વારા એટલે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે કે વિષયોનો ભોગ જ નથી એને અહીં આત્મા કહે છે. જેને ઇન્દ્રિયના વિષયમાં મજા લાગે છે તે તેનો ભોક્તા છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. પાંચ ઇન્દ્રિય તરફના વલણનો ભોગનો ભાવ થાય છે તે ભોગનો ભાવ અનંત દુઃખરૂપ છે અને એમાં મીઠાશ છે, મજા લાગે છે તે ભાવ મિથ્યાદ્રષ્ટિનો છે. એની મીઠાશ જેને ઊડી ગઈ છે તેની અહીં વાત લીધી છે. આ જ્ઞેય તત્ત્વ અધિકાર છે. સમ્યગ્દર્શનનો વિષય છે, અહીં દ્રષ્ટિપ્રધાન કથન છે. ચારિત્રનો વિષય લઈને પછી નયનો વિષય લેશે ત્યાં નયના અધિકારમાં જ્ઞાનીને પણ જેટલો રાગ આવે છે તેને જ્ઞાન જાણે છે કે તેટલું પરિણમન મારામાં છે, પરિણમન છે માટે કર્તા છું અને એટલો હું એને ભોગવું છું–એવો મારામાં ધર્મ છે. અહીં દર્શનપ્રધાન કથન છે પણ દર્શન સાથે થયેલું સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન તો સમય સમયની વિકૃત અવસ્થા મારામાં છે, તે–પણે હું પરિણમું છું–એમ જાણે છે; અને જેટલે અંશે રાગ થયો છે તેનો ભોક્તા

પણ હું છું એમ જ્ઞાનથી જાણે છે. અહીં તો દ્રષ્ટિના વિષયની–જ્ઞેયતત્ત્વની વાત છે, તેમાં આત્મજ્ઞેય કેવું છે તેની વાત કરે છે. પ્રવચનસાર ગાથા ૧૦૨ માં કહ્યું છે કે રાગની ઉત્પત્તિનો ક્ષણ–કાળ છે તેથી એનામાં થાય છે, દર્શનનો અધિકાર છે છતાં ત્યાં એમ લીધું છે. જ્ઞાનીને પણ જે રાગ થાય છે તેનો એ જન્મક્ષણ છે, કર્મને લીધે નહિ તેમ જ દ્રવ્ય ગુણને લીધે નહિ. પર્યાયમાં જ એવી ઉત્પત્તિનો કાળ છે તેથી ઉત્પત્તિ થાય છે. તેનો ત્યાં જન્મક્ષણ છે માટે ઉત્પન્ન થાય છે. નયના અધિકારમાં કહ્યું કે એને રાગનું એટલું વેદન છે અને એનો ભોક્તા પણ છે. અહીં કહે છે કે ઇન્દ્રિયના વિષય તરફનો રાગ એનો આત્મા કર્તા પણ નથી ને ભોક્તા પણ નથી. કહે છે કેઃ–

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન તેહ.**

આત્મા એને કહીએ, જ્ઞેય એને કહીએ, જ્ઞાનમાં જણાવાલાયક આત્મા એને કહીએ કે એને રાગનો કણ ઉત્પન્ન ન થાય, એને રાગ છે જ નહિ. આત્મા જાણ્યો ને આત્મા જેને કહીએ એને તો આનંદ ને જ્ઞાનની પર્યાયનું પરિણમન છે. રાગનો ભોક્તા પણ ત્યાં દેખાય છે?–કે ના. રાગને ભોગવવાનો ભાવ એ આત્મા નહિ. જ્ઞાનમાં જાણવા લાયક જે આત્મા એ ઇન્દ્રિયના વિષયનો ભોક્તા છે જ નહિ. જેને લિંગો દ્વારા એટલે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ એટલે વિષયોનો ઉપભોગ નથી. આત્મા એને કહીએ અને આત્મા જાણ્યો એને કહીએ કે જેને વિષયનો ભોગ જ નથી. એ બધું જ્ઞાનમાં પર તરીકે, જ્ઞેય તરીકે જાય છે. પોતામાં ભોક્તા ને રાગનું કર્તાપણું એ આત્માને નથી. જેને પરમાત્મા પ્રત્યે પ્રેમ થયો ને સ્વીકાર થયો, એને વિષયોના ભોગના રાગનો પ્રેમ ઊડી ગયો, પ્રેમ ઊડી ગયો તે એનો ભોક્તા છે જ નહિ.

પરદ્રવ્યનો કર્તા–ભોક્તા તો નહિ પણ રાગનો કર્તા પણ નહિ. ભગવાન! તારી શક્તિમાં તો સર્વજ્ઞસ્વભાવ પડયો છે ને! એ સર્વજ્ઞસ્વભાવ પર્યાયમાં શું કરે? રાગ થાય, રાગનો ભોક્તા થાય તેનેય તે જાણે. હું એનો કર્તા ને હું એનો ભોક્તા–એ આત્માના જ્ઞાનમાં ને પર્યાયમાં પણ નથી. અહીં કહે કે કર્તા–ભોક્તા નથી ને બીજે સ્થાને કહે કે કર્તા ને ભોક્તા છે. દ્રષ્ટિ અને દ્રષ્ટિનો વિષય છે એ તદ્દન નિર્વિકલ્પ છે. દ્રષ્ટિ પોતે નિર્વિકલ્પ છે અને એનો વિષય નિર્વિકલ્પ અભેદ છે એટલે દ્રષ્ટિ અભેદ સિવાય બીજાને સ્વીકારતી નથી; જ્યાં ભેદને પણ દ્રષ્ટિ સ્વીકારતી નથી તો રાગના કરવા અને ભોક્તાપણાનો તો ત્યાં સ્વીકાર છે જ ક્યાં? સમ્યગ્દ્રષ્ટિને છન્નુ હજાર સ્ત્રી પ્રત્યેનો રાગ પણ દેખાય, પણ કહે છે કે આત્મામાં એ નથી, પર્યાયમાં પણ થતો નથી, પરમાં થાય છે

તેને જાણે છે. એ ભોગવવાનું તત્ત્વ અને કરવાનું તત્ત્વ એ પર તત્ત્વ છે, આત્મતત્ત્વ નહિ.

સમકિતીને કર્મની જોરાવરી છે તેથી બળજોરીથી રાગ થાય છે–એમ શ્રી સમયસારમાં આવે છે, તેનો અર્થ એમ છે કે પોતાને રાગ કરવાનો ભાવ–પ્રેમ નથી, રુચિમાં તે નથી, રુચિમાં તો પોષાણ પ્રભુ આત્માનું છે. એથી એને રાગ થાય છે તે કર્મની જોરાવરીથી થાય છે એમ ત્યાં કહેવામાં આવ્યું છે, પણ કર્મથી થયું છે એવો તેનો અર્થ નથી. શ્રી ઇષ્ટોપદેશમાં તો એમ આવ્યું છે કે "કછવિ જીવો બળિયો, કછવિ કમ્મો બળિયો" તો એ કઈ અપેક્ષાએ છે તે સમજવું જોઈએ. વિકલ્પ છે તે ભાવકર્મ છે એનું જોર છે. એમ કહ્યું છે અને આત્મા તરફનું જોર છે ત્યાં આત્મબળિયો છે એમ કહ્યું છે. પર્યાયના જોરવાળો ભાવ પણ જ્ઞાનીને છે ત્યારે એ વિકારનું જોરપણું છે એમ જણાવ્યું પણ અહીં તો એને કાઢી નાખ્યું છે. આ જ્ઞેય અધિકાર એટલે સમ્યગ્દર્શનનો અધિકાર છે, પહેલો અધિકાર જ્ઞાન અધિકાર છે, બીજો અધિકાર સમ્યગ્દર્શન અધિકાર છે, ત્રીજો અધિકાર ચરણાનુયોગનો છે. એના એ આચાર્ય અહીં આમ કહે છે ને એના એ આચાર્ય નયમાં અધિકારમાં કર્તા–ભોક્તા કહેશે. આવો અનેકાન્ત સ્યાદ્વાદ માર્ગ છે. કઈ અપેક્ષાથી કહ્યું છે તેને ન સમજે અને એકાન્ત તાણી જાય તો એ વસ્તુ એમ નથી. અહીં તો કહે છે કે સમ્યગ્દ્રષ્ટિ આત્મા કે જેને આત્મા દ્રષ્ટિમાં આવ્યો છે તે ઇન્દ્રિયના વિષયના રાગનો કર્તા ને ભોક્તા નથી, તો પછી એને રાગ પણ નથી ને ભોક્તાપણાનો ભાવ પણ નથી. અહીં તો દ્રષ્ટિનો વિષય પરિપૂર્ણ પ્રભુ છે એનો જ્યાં અંતરમાં સ્વીકાર ને પ્રેમ થયો એને રાગના કરવાના ને ભોગવવાના પ્રેમ ઉડી ગયા. એ અપેક્ષાએ તેનો કર્તા ને ભોક્તા નથી એમ કહ્યું છે. ભય પ્રકૃત્તિની વાત આવી હતી ત્યારે તેમાં પણ આવ્યું હતું કે જ્ઞાનીને ભય નથી પણ તેના અર્થમાં એમ આવ્યું હતું કે ચારિત્રમોહના નિમિત્તથી એને ભય થાય છતાં એ ભયને પોતાનો જાણતો નથી, પણ પોતાને તેનાથી ભિન્ન જાણે છે અને સ્વરૂપ અખંડાનંદ પ્રભુ છે તેમાંથી ચ્યુત થાય એવો ભય એને નથી. કઈ અપેક્ષાએ કહે છે તે સમજવું જોઈએ. ભય તો અસ્થિરતાથી થાય છે. શ્રેણિક રાજા તો ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ હતા, પરના ને રાગના કર્તા–ભોક્તા નથી તો ત્યાં ઝેર કેમ પીધું? કર્મે ઝેર પીવરાવ્યું છે? એવો એને ભાવ આવ્યો ને હીરો ચૂસ્યો, પણ તે ભાવને અહીં ગૌણ કરીને દ્રષ્ટિના વિષયમાં અને દ્રષ્ટિમાં એ નથી એમ કહીને ભગવાન આત્મા રાગનો કર્તા ને ભોક્તા નથી એમ કહ્યું; પણ જ્યારે પર્યાય એની છે, એનામાં થાય છે અને એના દોષથી થાય છે એમ સિદ્ધ કરવું હોય ત્યારે જ્ઞાની પણ રાગનો કર્તા–ભોક્તા છે એમ કહેવાય.

જ્યાં દ્રષ્ટિના વિષયમાં ભગવાનને પ્રતીતમાં લીધો ત્યાં ધર્મીને રાગનું કરવું અને

રાગનું ભોગવવું, ઇન્દ્રિયના વિષયને કરે અને ઇન્દ્રિયના વિષયને ભોગવે એ આત્મામાં નથી માટે સમક્તિીને નથી. આ રીતે આત્મા વિષયોનો ઉપભોક્તા નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. અલિંગગ્રહણના છ અક્ષરમાંથી આવો એક ભાવ નીકળે છે. દ્રવ્યાનુયોગની દ્રષ્ટિ વિના કથાનુયોગ ને ચરણાનુયોગમાં કઈ અપેક્ષાએ કહ્યું છે તે એને સમજાશે નહિ. શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે દ્રવ્ય એટલે વસ્તુ–એનું જ્ઞાન, એના વાસ્તવિક જ્ઞાન વિના ચરણાનુયોગમાં આમ કહ્યું છે ને કરણાનુયોગમાં આમ કહ્યું છે, કથાનુયોગમાં આમ કહ્યું છે,–એ બધાના ભાવોની અપેક્ષાઓ દ્રવ્યના જ્ઞાન વિના કોઈ બીજી અપેક્ષા એને સાચી લાગુ નહિ પડે, એને સમજાશે જ નહિ. ચરણાનુયોગમાં તો એમ આવે કે વ્રત નિરતિચાર પાળવા, તો વ્રત તો રાગ છે, પણ એ તો એ વખતે રાગ છે અને રાગનો ભાવ હોય એને એવું હોય છે એટલું જ્ઞાન કરાવ્યું છે. વ્યવહારનયનો વિષય છે એમ સિદ્ધ કર્યું છે, નહિતર વ્રતના પરિણામ તો આસ્રવ છે; જીવતત્ત્વ આસ્રવને કરે તેમ બને નહિ; તથા નિર્મળ પર્યાય પણ એ આસ્રવને કરે એમ પણ બને નહિ, દ્રવ્યને આશ્રયે થયેલી સંવર–નિર્જરાની જે શુદ્ધપર્યાય છે તે પણ આસ્રવને કરે નહિ ને આસ્રવને ભોગવે નહિ, પણ પર્યાયમાં એવા વિકલ્પ થાય છે તેટલું જ્ઞાન કરાવવા વ્રત પાળો, એવી વાત કરી છે.

આ રીતે આ બારમો બોલ થયો. હવે કહે છે કેઃ–

**લિંગ દ્વારા એટલે કે મન અથવા ઇન્દ્રિય વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરી રાખવું જેને નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી (–અનુસરીને થનારો) નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧૩.**

અહીં કહે છે કે પાંચ ઇન્દ્રિય ને મન વગેરે લક્ષણ દ્વારા ગ્રહણ એટલે જીવત્વને ધારણ કરવું, મન ને ઇન્દ્રિયથી જીવપણું ધારણ કરવું એવું આત્મામાં છે જ નહિ. મન ને ઇન્દ્રિય દ્વારા જીવ જીવે એટલે કે દશ ભાવપ્રાણથી—અશુદ્ધભાવપણાથી જીવે એ જીવત્વ વસ્તુમાં નથી. પાંચ ઇન્દ્રિયો, મન, વચન ને કાયા, તથા આયુ ને શ્વાસ મળીને દશપ્રાણથી તો જીવે નહિ પણ ભાવપ્રાણથી જીવવું તે પણ એનું જીવન નહિ. ભાવપ્રાણની યોગ્યતા જે અંદર છે એટલે કે પાંચ ઇન્દ્રિયની યોગ્યતા, મનની યોગ્યતા, શ્વાસ થવાની યોગ્યતા ને આયુષ્ય છે તે પ્રમાણે રહેવાની યોગ્યતા એવું એ જીવન જીવમાં નથી.

અહીં તો જીવનું જીવન જીવત્વશક્તિથી કહ્યું છે. જીવત્વ નામનો એક ગુણ–શક્તિ

આત્મામાં છે જેને કારણે જ્ઞાન, દર્શન, આનંદ ને વીર્ય–એવા જે મુખ્ય ચારપ્રાણ એનાથી તે જીવે છે. જ્ઞાનપ્રાણ, દર્શનપ્રાણ, આનંદપ્રાણ ને વીર્યપ્રાણ–આ બધા ત્રિકાળ છે એની પર્યાયના પ્રાણથી તે જીવે છે. જીવના જીવતરનું ટકવું એ શુદ્ધ ભાવપ્રાણની પરિણતિથી ટકવું છે, એને આ પાંચ ઇન્દ્રિય ને મન જે જડ છે, માટી છે તેના પ્રાણથી ટકવું–જીવવું તો નથી, પણ જેને આત્મા જ્ઞેય કહીએ તેનું દશ અશુદ્ધ ભાવપ્રાણથી પણ જીવવું નથી. પ્રભુ! તારો આત્મા કેવડો છે એની તને ખબર નથી. અનંત અનંત આનંદ, સચ્ચિદાનંદ પ્રભુ સત્, શાશ્વત, તેના ગુણો–ધર્મો શાશ્વત એના જીવનને જીવવાની પર્યાયમાં જ્ઞાન, દર્શન ને આનંદના પ્રાણ આવે તે જીવનું જીવતર છે.

**સહેજે સમુદ્ર ઉલ્લસીયો, જેમાં રત્ન તણાણા જાય;**
**ભાગ્યવાન કર વાવરે, એની મોતિયે મૂઠિયું ભરાય.**

—એમ અનંત રત્ન ભગવાનમાં ભર્યા છે. દિવ્યશક્તિનો ધરનાર ભગવાન છે એ દિવ્યશક્તિના પરિણમનથી જીવે તેને જીવનું જીવન કહેવામાં આવે છે. ઝીણું તો છે ભાઈ! માર્ગ જ એવો છે પ્રભુ! એ નિર્વિકલ્પ માર્ગ છે પ્રભુ!! નિર્વિકલ્પ દર્શન, જ્ઞાન, ચારિત્ર એ એની પર્યાય છે, એના જીવનથી જીવે તે જીવ જીવ્યો ગણાય. શરીરના પ્રાણથી આ જીવ સાઈઠ–સીત્તેર કે એંશી વર્ષ જીવ્યો એ તો દેહની સ્થિતિની વાત થઈ ને અંદર પાંચ ઇન્દ્રિય ને મન, વચન, કાયની યોગ્યતા જે પર્યાયમાં છે એ પણ પર્યાય દ્રષ્ટિના વિષયમાં આવે છે, સમ્યગ્દર્શનના વિષયમાં એ આવતું નથી, આ સમકિતનો અધિકાર છે, આહાહા! આચાર્યોએ ગજબ કામ કર્યાં છે ને! બે હજાર વર્ષ પહેલાં મૂળ રચયિતા ભગવાન કુન્દકુન્દાચાર્ય થઈ ગયા, પણ આ હજાર વર્ષ પહેલાં અમૃતચંદ્રાચાર્યદેવ થઈ ગયા તે એની ટીકા કરે છે, એમાં શું કહેવું છે એના પેટ ખોલે છે. હજાર વર્ષને અંતરે થયેલા સંતો સંતોના કહેવાના આશયને ખોલે છે. ભગવાન કુન્દકુન્દાચાર્યને કહેવું છે તો અલિંગગ્રાહ્ય છતાં અલિંગગ્રહણ કેમ કહ્યું?–કે એમાંથી અનેક અર્થો નીકળે છે માટે અલિંગગ્રહણ કહ્યું છે. જેમ ગાયો અને ભેંસોના આઉમાં દૂધ હોય તો બળુકી–બળવાન બાઈ અંગૂઠો મારીને ખેંચીને કાઢે, અંદર હોય તે કાઢે; એમ ભગવત્ કુંદકુંદાચાર્યના મૂળ પાઠનાં ભાવમાં ઊંડપ ને ગંભીરતા ભરી છે તે શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્ય તર્ક વડે કાઢીને ખોલે છે–વાત કરે છે.

અરેરે! આવી વાત સાંભળવા મળે નહિ. એ ક્યારે અંદરમાં ઊતરે ને ક્યારે રુચિ કરીને પરિણમે? પૈસા, સ્ત્રી ને પુત્ર મળવા તો સોંઘા છે, આત્મા પ્રાપ્ત કરવો દુર્લભ છે પણ બહારની વસ્તુ મળવી તો સુલભ છે, કારણકે પુણ્યને લઈને તે મળે છે. બીજી

અપેક્ષાથી કહે કે બહારની વસ્તુ પ્રાપ્ત કરવી દુર્લભ છે, પૈસા પ્રાપ્ત કરવા દુર્લભ છે કેમ કે પુણ્ય વિના મળે નહિ માટે દુર્લભ છે; અને આત્મા પ્રાપ્ત કરવો સુલભ છે કેમ કે પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે માટે સુલભ છે.

આ રીતે આત્મા શુક્ર અને આર્તવને અનુવિધાયી નથી એટલે કે સ્ત્રીનું ૠતુનું લોહી અને પુરુષનું વીર્ય એનાથી ઉત્પન્ન થાય એવો આત્મા નથી. આત્મા તો જ્ઞાનાનંદને અનુસરીને થનારો છે. —એવો અલિંગગ્રહણનો એક અર્થ થયો. [ ક્રમશઃ ]

## જો તું શક્તિહીન હો તો નિજપરમાત્માનું શ્રદ્ધાન કરજે

હે મુનિશાર્દૂલ! સંહનન અને શક્તિ હોય તો નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચયપ્રત્યાખ્યાન, નિશ્ચયઆલોચના વગેરે શુદ્ધ નિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે. જો આ દગ્ધકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે. સ્વાભાવિક વસ્તુ સ્વભાવથી જ પ્રગટ થાય એવી શ્રદ્ધા પાકી રાખજે પણ ખોટો બચાવ કરીશ નહીં કે થોડીક ગુરુની સહાય તો હોવી જોઈએને! નિમિત્તથી થોડું તો થાયને! —એવી ખોટી શ્રદ્ધા કરીશ નહીં. કાળ હલકો છે ને શક્તિહીન હોય તો તું એવી ખોટી શ્રદ્ધા કરીશ નહીં. વીતરાગતા ન પ્રગટે તો આડું–અવળું ગોટો વાળીશ નહીં. શક્તિહીન હો તો કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન કરજે.–એ જ કર્તવ્ય છે. શ્રદ્ધામાં ગોટા વાળ્યા તો ૮૪ ના અવતારમાં હાથ નહીં આવે, મરી જઈશ! કેવળ એક નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે. વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે, તેના અવલંબને જ મુક્તિની ને મુક્તિના માર્ગની ઉત્પત્તિ છે, બીજો કોઈ રસ્તો છે નહીં. દર્શનપાહુડમાં કહ્યું છે કે શ્રદ્ધાભ્રષ્ટ નહીં હોય ને ચારિત્રભ્રષ્ટ હશે તો તેની મુક્તિ થવાની જ. કેમ કે તેને ખ્યાલ છે કે આ દોષ છે તેથી તે દોષને ટાળશે ને મુક્તિ પામશે. માટે ભગવાનને પકડી રાખજે, તેની શ્રદ્ધા રાખજે, એ જ કર્તવ્ય છે.

# ❁ જૈન-દર્શનનાં રહસ્યભૂત સિદ્ધાંત ❁

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ, ચૂંબે નહિ.

૨. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય.

૩. ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે, તેમાં ઉત્પાદ જે સમય સમયે થાય છે તે ઉત્પાદ ઉત્પાદથી છે તેને ધ્રુવ કે વ્યયની અપેક્ષા નથી, તો પરદ્રવ્યની અપેક્ષાની તો વાત જ શી ?

૪. દરેક દ્રવ્યની પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર થાય તેને નિમિત્તની તો અપેક્ષા નથી પણ તેના ધ્રુવ દ્રવ્યની પણ અપેક્ષા વિના સ્વતંત્ર થાય.

૫. પર્યાયમાં વેદન થાય છે તે પર્યાયનું થાય છે. ધ્રુવનું વેદન ન હોય, ધ્રુવનું આલંબન હોય પણ વેદન ધ્રુવમાં ન હોય અને પર્યાયમાં વેદન હોય પણ પર્યાયનું આલંબન ન હોય. આલંબન તો ધ્રુવનું જ હોય ને વેદન પર્યાયનું જ હોય.

૬. પર્યાયનું ક્ષેત્ર દ્રવ્યના ક્ષેત્રથી ભિન્ન છે. ચિદ્વિલાસમાં આવે છે કે પર્યાયનું ક્ષેત્ર દ્રવ્યના ક્ષેત્રથી જુદું છે. એમ પર્યાયની સૂક્ષ્મતા દ્રવ્યની સૂક્ષ્મતાથી ભિન્ન છે. પર્યાયનું વીર્ય પર્યાયથી ને દ્રવ્યનું વીર્ય દ્રવ્યથી, પર્યાયની સત્તા પર્યાયથી ને દ્રવ્યની સત્તા દ્રવ્યથી, પર્યાયનું કારણ પર્યાય. એક દ્રવ્યની અનંત પર્યાયમાં એક એક પર્યાયમાં અનંત નૃત્ય છે, એક એક નૃત્યમાં અનંત કળા છે, એક એક કળામાં અનંત રસ છે, એક એક રસમાં અનંત પ્રભાવ છે, એક એક પર્યાયની આટલી સમૃદ્ધિ છે તો અનંત અનંત પર્યાયના પિંડ દ્રવ્યની સમૃદ્ધિનું તો કહેવું જ શું ? આવી વાત સાંભળવી ઝીણી પડશે પણ મુંઝાવું નહિ. ભાઈ ! એક એક પર્યાયની આટલી પ્રભુતા છે તો ગુણની ને દ્રવ્યની પ્રભુતાનું તો કહેવું જ શું ? આવા સત્નું સત્ત્વ સર્વજ્ઞતા છે. પહેલાં એનો મહિમા આવવો જોઈએ કે મારી પર્યાયનું આટલું સામર્થ્ય છે તો દ્રવ્યના સામર્થ્યને મહિમાનું કહેવું શું ? આહાહા ! આવી વાત સાંભળવા મળવી એ પણ મહા ભાગ્ય છે. કેટલા પુણ્ય ઉપાજર્યાં હશે ત્યારે આવી વાત સાંભળવા મળે છે. આ તત્ત્વ ઝીણું છે પણ પ્રયત્ન એણે શરૂ કરી દેવો જોઈએ. પ્રયત્ન શરૂ કરે પછી ભલે આ ભવે ન થાય તો આવતા ભવે પણ કાર્ય થાય.

–પૂજ્ય ગુરુદેવ

( તા. ૨૨/૯ તથા ૨૩/૯ ની સૂક્ષ્મ રાત્રિ ચર્ચામાંથી )




**પ્રશ્નઃ-** આત્માની અનુભૂતિ સરલ છે કે કઠણ છે?

**ઉત્તરઃ-** વસ્તુ સત્‌રૂપ છે... છે... ને છે જ. એને માનવું તે સરલ હોય, વસ્તુ ન હોય તેને કરવું તે કઠણ હોય, વસ્તુ અસ્તિરૂપ છે... છે... ને છે જ. તેને તેણે સ્વીકારવું સરલ છે પણ અનાદિનો અણઅભ્યાસ હોવાથી કઠણ લાગે છે અને તેને પોંચવામા ઘણો પુરુષાર્થ માંગે છે તે અપેક્ષાથી દુર્લભ છે. શ્રદ્ધા કરતાં ચારિત્ર તો એથી પણ દુર્ભભ છે, કઠણ છે, મહાપુરુષાર્થ જોવે છે.

**પ્રશ્નઃ-** સમ્યગ્દ્રષ્ટિએ તો આત્માને દેખી–અનુભવી લીધો છે છતાં તેને ચારિત્રનો પુરુષાર્થ કઠણ ને દુર્લભ કેમ?

**ઉત્તરઃ-** સમ્યગ્દ્રષ્ટિએ આત્માને દેખી અનુભવી લીધો હોવા છતાં ચારિત્રમાં સમ્યગ્દર્શન કરતાં અનંત ગુણો પુરુષાર્થ માગે છે. બહારનું કાંઈ કરવું નથી અંદરમાં ઠરવું તે ચારિત્ર છે, એ ઠરવામાં મહાપુરુષાર્થ છે. ભગવાન આદિનાથને ચારિત્ર આવતાં ૮૩ લાખ પૂર્વ થયા હતા. ચારિત્ર એ બાહરની ચીજ નથી અંદરની ઠરવાની વસ્તુ છે, મહા પુરુષાર્થથી થાય છે.

* **પ્રશ્નઃ-** જેને યાદશક્તિ ન હોય તે આત્માને કેમ પામે?

**ઉત્તરઃ-** યાદશક્તિનું આમાં કામ નથી. અહીં તો સાચી રુચિની જરૂર છે. અંદર આત્મા પૂર્ણાનંદનો નાથ પડયો છે તેને પકડવો, રુચિથી પકડાય છે. ભલે નામ પણ જાણતો ન હોય. તિર્યંચને ક્યાં નામ આવડે છે પણ રુચિથી પૂર્ણાનંદના નાથને પકડી લ્યે છે ને! અને સ્વર્ગમાં દેવોને યાદશક્તિ પણ છે, અનુકૂળતા પણ છે, નિવૃત્તિ પણ છે અને રાંધવું નહિ, ખાવું નહિ. કમાવું નહિ, બધું તૈયાર... તૈયાર કાંઈ પ્રવૃત્તિ જ નહિ છતાં આત્માને પામવાની દરકાર કરતાં નથી ને વૈભવાદિની મમતામાં મિથ્યાત્વમાં પડયા રહે છે.

* પોતે ભગવાન છે ને તેને ભવ! અને એ પણ નરક નિગોદ આદિ. ચોરાશી લાખના કેવા કેવા ભવો! પોતે એકરૂપ ચૈતન્ય આનંદ સ્વરૂપ ને એને આવા ભવ! વાત

એ છે કે પોતે કેવો ને કેવડો છે, એનું સામર્થ્ય કેટલું એનો મહિમા અનંતકાળમાં કોઈ દિ એક ક્ષણ પણ આવ્યો નથી. તે રાગને છોડે એવું એના સ્વરૂપમાં જ નથી. એ એકલો પૂર્ણાનંદથી ભરેલો જ્ઞાયક સ્વરૂપ જ છે. એનો મહિમા એક ક્ષણ પણ આવ્યો નથી એથી ભગવાન હોવા છતાં ભવમાં રખડે છે.

પ્રશ્નઃ– જ્ઞાન અંતરમાં વળતું નથી તો સમજણમાં ભૂલ છે કે રુચિ નથી?

ઉત્તરઃ– રુચિ ક્યાંક અટકી છે. આત્માની રુચિ સાચી થાય તો રુચિના જોરે સમજણમાં પણ ભૂલ રહે નહિ.

**પ્રશ્નઃ**- આત્માનો નિર્ણય કરીને અનુભવ કરવો કે નિર્ણય જ કર્યાં કરવો?

**ઉત્તરઃ**- આત્માનો નિર્ણય કરવો; નિર્ણય કરતાં નિર્વિકલ્પ અનુભવ અતીન્દ્રિય આનંદનો થાય ત્યારે જ નિર્ણય સાચો થયો કહેવાય.

**પ્રશ્નઃ**- સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય તિર્યંચો સમ્યગ્દ્રષ્ટિ ચોથા અને પાંચમાં ગુણસ્થાનવાળા છે અને અહીં અમે શાસ્ત્ર અભ્યાસ કરીએ છીએ છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી?

**ઉત્તરઃ**- અહીં અંદરથી દરકાર ક્યાં કરે છે? અંદરથી દરકાર થવી જોઈએ, ભવનો ત્રાસ થવો જોઈએ. અરે! મારું કોઈ નથી એમ અંદરથી નિર્ણય થવો જોઈએ.

**પ્રશ્નઃ**- એ તિર્યંચોને પૂર્વના સંસ્કાર કારણ હશે?

**ઉત્તરઃ**- પૂર્વસંસ્કાર જાગૃત કરવામાં પણ વર્તમાન પુરુષાર્થ કરે છે ને?

**પ્રશ્નઃ**- વસ્તુસ્વરૂપને સિદ્ધ કરનારા આપના સિદ્ધાંતો બુદ્ધિગમ્ય તો બરાબર બેસી જાય છે પણ અંતરમાં પરિણમન કેમ થતું નથી?

**ઉત્તરઃ**- એનો અભ્યાસ વારંવાર કરવો જોઈએ, વારંવાર અભ્યાસ કરીને અંદર પરિણમન થઈ જવું જોઈએ.

**પ્રશ્નઃ**- એકદ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય એ ઉપર બહુ ભાર આપો છો તો એ સમ્યગ્દર્શનનું કારણ છે?

**ઉત્તરઃ**- હા, એ તો મૂળ ચીજ છે. આ બે વાતનો નિર્ણય થતાં દ્રષ્ટિ દ્રવ્ય ઉપર વળે છે.

**પ્રશ્નઃ**- આ વાત ખ્યાલમાં આવે છે પણ કાર્ય કેમ થતું નથી?

**ઉત્તરઃ**- એનો પુરુષાર્થ જોઈએ. પુરુષાર્થ, કાર્ય આવતાં વાર લાગે પણ મુંઝાવું નહિ. મુંઝાવાથી તો એ મુંઝવણ જ આડી આવે. મારે આ કાર્ય કર્યે જ છૂટકો છે એમ ઉત્સાહથી પ્રયત્ન કરવો.

* એક આત્મા એટલો મહિમાવાળો છે કે આખા બ્રહ્માંડની તુલનામાં ન આવે એવો એક એક આત્મા છે. સુખ શાંતિ આનંદ જ્ઞાન વીર્ય એવા અનંત અનંત ગુણરત્નોથી ભરેલો આત્મા, કેરી લાવો, રોટલા લાવો, પૈસા લાવો, આબરૂ લાવો, એમ પરની પાસે ભીખ માગે એ એને

લાજપ છે, કલંક છે. પ્રભુ! તું કોણ છો! એની તને ખબર નથી. એની ખબરું કરીને ત્યાં જા તો પ્રભુ તને આનંદ આવશે ને સંસારના દુઃખો ટળશે. આમ ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા કહે છે.

**પ્રશ્નઃ-** આત્માની દ્રષ્ટિ કરવા ધારે ત્યારે થાય કે જ્યારે થવાની હોય ત્યારે થાય?

**ઉત્તરઃ-** જ્યારે આત્માની દ્રષ્ટિ કરવા ધારે ત્યારે થાય પણ એ થવાની હોય ત્યારે જ થાય છે. જ્યારે કરવા ધારે ત્યારે થાય એટલે સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ આદિ પાંચે સમવાય સાથે જ હોય, કાળલબ્ધિનો નિર્ણય કરનારો પુરુષાર્થ જાગે ત્યારે નિર્ણય થાય.

**પ્રશ્નઃ-** જડ-ચેતનને ભિન્ન માનીએ છીએ, ભિન્ન સ્વીકારીએ છીએ તો તે ભેદજ્ઞાન કહેવાય?

**ઉત્તરઃ-** ના, એ તો ધારણા થઈ છે. ભેદજ્ઞાન થાય તેને તો આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય ત્યારે સાચું ભેદજ્ઞાન થયું કહેવાય.

**પ્રશ્નઃ-** આત્માના વિચારને આપ વિકલ્પ કહો છો તો આત્માનો મહિમા કેમ કરવો?

**ઉત્તરઃ-** આત્મવસ્તુ ઇન્દ્રિય ને વિકલ્પથી અગમ્ય છે, વિકલ્પથી પાર અતીન્દ્રિય ગમ્ય છે. પણ એ ન થઈ શકે એવું નથી, થઈ શકે એવું છે. થઈ શકે જ, મુંઝાવું નહિ.

**પ્રશ્નઃ-** સ્વ તરફનું વલણ ક્યારે થયું કહેવાય?

**ઉત્તરઃ-** એ તો પોતાને અંદરથી ભાસવું જોઈએ, બીજો કહે એ શું કામનું? સ્વ તરફનું વલણ થયું છે એ પોતાને નિર્ણય કરવાનો છે. શુદ્ધ આત્માના સંસ્કાર નાખે એને કાર્ય આવે જ.

* ધર્મ એવી સૂક્ષ્મ ચીજ છે કે એ વાત સાધારણ જીવને બેસે નહિ. જગતના સાધારણ જીવો કે જે વેપાર આદિના પાપના ધંધામાં પડયા હોય તેને આ સૂક્ષ્મતત્ત્વ બેસે નહિ અને ધર્મના નામે પણ ક્રિયાકાંડના આગ્રહમાં પડયા હોય એવા જીવને પણ આ ભગવાને કહેલું સૂક્ષ્મતત્ત્વ બેસે નહિ. માટે ભાઈ! તું વાદવિવાદ કોઈની સાથે કરીશ નહિ, કેમ કે તત્ત્વ સૂક્ષ્મ ચીજ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરે નહિ, દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય, એક પર્યાય બીજી પર્યાય ને અડે નહિ, એક પરમાણુ બીજા પરમાણુને અડતું નથી એ વાત બાપ-દાદા કોઈએ સાંભળી નથી. એવી સૂક્ષ્મ વાત કેમ બેસે? ભગવાન તીર્થંકરદેવે છ દ્રવ્યો જોયા છે. તે દરેક દ્રવ્યની પર્યાય જે કાળે જે ક્ષેત્રે જે રૂપે થવાની તે થવાની જ છે. આવી સૂક્ષ્મ વાતો જગતના સાધારણ જીવોને બેસે એવી નથી, માટે કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ. તું સમજીને સમાઈ જા!

* સમ્યગ્દર્શનમાં અનંત પુરુષાર્થ છે. પાંચે સમવાય સાથે હોય છે. ક્રમબદ્ધના

નિર્ણયમાં પણ અનંત પુરુષાર્થ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એવા નિર્ણયમાં પણ અનંત પુરુષાર્થ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એ વાત બહુ ઝીણી આવી ગઈ છે.

**પ્રશ્નઃ**- સ્કંધમાં પરમાણુ ભેગા થઈને અડે છે ને?

**ઉત્તરઃ**- સ્કંધમાં પણ બે પરમાણુ ભેગા થયા જ નથી, અડયા જ નથી, જુદા જ છે.

**પ્રશ્નઃ**- પરમાણુમાં સંઘાત અને વિઘટન થાય છે ને? બે ગુણ ચીકાશવાળો પરમાણુ ચાર ગુણ ચીકાશવાળા પરમાણુમાં મળી જાય છે ને? સાકરનો ગાંગડો છે તેમાં રજકણો ચોંટી ગયા છે ને?

**ઉત્તરઃ**- પરમાણુ એકક્ષેત્રે ભેગા થાય, સાકરના ગાંગડા આદિરૂપે થાય એટલે કાંઈ બે પરમાણુ એક થઈ જતા નથી. પરમાણુએ પરમાણુ એકક્ષેત્રે હોવા છતાં જુદે જુદા જ છે. એક રજકણ બીજા રજકણને અડયો જનથી—સ્પર્શ્યો જ નથી. આહાહા! પરમાણુએ પરમાણુ જુદા જ છે, અડયા જ નથી. બે પરમાણુ એક થયા જ નથી પણ આ વાત બહુ આકરી છે ભાઈ!

**પ્રશ્નઃ**- સાકરના ગાંગડાના બે પરમાણુ વચ્ચે કેટલું દૂરપણું છે?

**ઉત્તરઃ**- એક પરમાણુનો બીજામાં અત્યંત અભાવ છે. અભાવપણું છે એ જ દૂરપણું છે. આહાહા! પરમાણુએ પરમાણુ અડતા નથી તો આત્મા દેહને અડે કેમ? અરે! પુણ્ય–પાપનો રાગ એ મલિનતા છે તે ચૈતન્ય પ્રભુ આનંદ સ્વરૂપની સાથે મળેલ નથી.

**પ્રશ્નઃ**- આમ પરમાણુએ પરમાણુની ભિન્નતા સમજવાથી લાભ શું થાય?

**ઉત્તરઃ**- બે દ્રવ્યોની સ્વતંત્રતા સિદ્ધ થાય એ લાભ છે. કોઈને કોઈની અપેક્ષા રહેતી નથી. પોતાની સન્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે એ લાભ થાય છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય એ બે સિદ્ધાંતો બહુ આકરા ને ઝીણા છે. ભાગ્યશાળીને કાને પડે એવી વાત છે.

* જેની સમીપમાં આત્મા છે તેના પૂજા, ભક્તિ, વ્રત, તપ, શીલ, સંયમ બધું સાચું છે અને જેની સમીપમાં આત્મા નથી તેના પૂજા, ભક્તિ, વ્રત, તપ, શીલ, સંયમ આદિ બધું નિરર્થક છે–થોથાં છે. નરકમાં સમ્યગ્દ્રષ્ટિને અચારિત્ર છે, ચારિત્રનો દોષ છે છતાં સમ્યગ્દ્રષ્ટિ શીલ સહિત છે. ત્યાંથી નિકળીને શ્રેણીક તીર્થંકર થશે, અને અહીં બાહ્ય ચારિત્ર પાળતો હોય, બ્રહ્મચર્ય પાળતો હોવા છતાં શીલ રહિત મિથ્યાદ્રષ્ટિ છે.

---

* ભાદરવા વદ એકમ–ક્ષમાપના–દિ ને રાજકોટ, ભાવનગર, મોરબી, વાંકાનેર, વિંછીયા, બોટાદ, ગઢડા, સુરેન્દ્રનગર, ઉમરાલા વિગેરે ગામોના લગભગ ૮૦૦ મુમુક્ષુઓ સ્પેશીયલ બસ કરીને સોનગઢ આવેલ હતા.

# પર્યુષણપર્વ નિમિત્તે પ્રવચન, તત્ત્વચર્ચા તથા ધર્મપ્રભાવનાર્થે જુદા જુદા સ્થળે ગયેલાં
# વાંચનકારોની નામાવલિ

| ક્રમ | ગામ | નામ | |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | પં. શ્રી લાલચન્દભાઈ મોદી | મુંબઈ |
| ૨ | ફતેપુર | પં. શ્રી બાબૂભાઈ મહેતા | ફતેપુર |
| ૩ | ઈન્દૌર | પં. ફૂલચન્દજી સિદ્ધાંતશાસ્ત્રી | વારાણસી |
| ૪ | ફિરોજાબાદ | પં. ડો. હુકમચન્દજી ભારિલ્લ | જયપુર |
| ૫ | નાઈરોબી | પં. શ્રી હિમ્મતભાઈ જોબાલિયા | સોનગઢ |
| ૬ | રાયપુર | પં. શ્રી જ્ઞાનચન્દજી | વિદિશા |
| ૭ | ભાવનગર | પં. શ્રી શશિભાઈ | ભાવનગર |
| ૮ | દાદર | પં. શ્રી ચિમનભાઈ ઠાકરસી | મુંબઈ |
| ૯ | મેરઠ | પં. શ્રી નેમીચંદજી પાટની | આગરા |
| ૧૦ | છિન્દવાડા | પં. શ્રી કેશરીચંદજી ધવલ | કોથલી |
| ૧૧ | સહારનપુર | પં. શ્રી ધન્નાલાલજી | ગ્વાલિયર |
| ૧૨ | કરહલ | પં. શ્રી રતનચંદજી શાસ્ત્રી | જયપુર |
| ૧૩ | જયપુર | પં. શ્રી ઉત્તમચંદજી | સિવની |
| ૧૪ | સતના | પં. શ્રી જવાહરલાલજી | વિદિશા |
| ૧૫ | જબલપુર | પં. શ્રી કન્નુભાઈ શાહ | દાહોદ |
| ૧૬ | નાગપુર | પં. શ્રી ડો. પ્રિયંકરજી | મુંબઈ |
| ૧૭ | ખનિયાધાના | પં. શ્રી બ્ર. હેમરાજજી | ભોપાલ |
| ૧૮ | પથરિયા | પં. શ્રી બ્ર. બાબૂલાલજી | વરાયઢા |
| ૧૯ | ખુરઈ | પં. શ્રી બ્ર. ઝમ્મકલાલજી | કુરાવડ |
| ૨૦ | કેકડી | પં. શ્રી બ્ર. યશપાલજી જૈન | |
| ૨૧ | પિપરઈ | પં. શ્રી બ્ર. આત્માનંદજી | |
| ૨૨ | કુણ | પં. શ્રી બ્ર. દવાચંદજી | ઉદયપુર |
| ૨૩ | ધુવારા | પં. શ્રી બ્ર. નિત્યાનન્દજી | |
| ૨૪ | જગદલપુર | પં. શ્રી બ્ર. રમેશચંદ્રજી | મલકાપુર |
| ૨૫ | સાગર | પં. શ્રી બ્ર. હેમચંદ્રજી‘હેમ’ પિપલાની | ભોપાલ |
| ૨૬ | મુરાર | પં. શ્રી બ્ર. સંતોષકુમાર | સોનગઢ |
| ૨૭ | સીકર | પં. શ્રી રાજકુમાર શાસ્ત્રી | જયપુર |
| ૨૮ | શામલી | પં. શ્રી અભિનન્દનકુમાર ભારિલ્લ | જયપુર |
| ૨૯ | તલોદ | પં. શ્રી કૈલાશચન્દ્રજી અચલ | જયપુર |
| ૩૦ | મુંબઈ | પં. શ્રી અભયકુમાર શાસ્ત્રી | જયપુર |
| ૩૧ | પિડાવા | પં. શ્રી પ્રોફેસર માનમલજી જૈન | જયપુર |
| ૩૨ | જસવંતનગર | પં. શ્રી. શ્રેયાંશકુમાર શાસ્ત્રી | જયપુર |
| ૩૩ | શહપુરા | પં. શ્રી. રાકેશકુમાર શાસ્ત્રી | જયપુર |
| ૩૪ | ગુના | પં. શ્રી પ્રદીપકુમાર ઝાંઝરી | જયપુર |
| ૩૫ | વડોદરા | પં. શ્રી ભાનુકુમારજી શાસ્ત્રી | જયપુર |
| ૩૬ | કરેલી | પં. શ્રી પ્રદીપકુમાર શાસ્ત્રી | જયપુર |
| ૩૭ | ઝાલાવાડ | પં. શ્રી શિખરચન્દ્ર શાસ્ત્રી | જયપુર |
| ૩૮ | બકસ્વાહા | પં. શ્રી પ્રેમચન્દ્ર શાસ્ત્રી | જયપુર |
| ૩૯ | બારસી (મહા.) | પં. શ્રી શાંતિકુમારજી પાટિલ | જયપુર |
| ૪૦ | રાંઝી | પં. શ્રી નરેન્દ્રકુમારજી શાસ્ત્રી | જયપુર |
| ૪૧ | અનસિંગ (મહા) | પં. શ્રી મહાવીરજી પાટિલ | જયપુર |
| ૪૨ | બીડ | પં. શ્રી વિનોદકુમાર શાસ્ત્રી | જયપુર |
| ૪૩ | જાંબુડી | પં. શ્રી વેલજીભાઈ | ઉજ્જૈન |
| ૪૪ | હિંદપુરા | પં. શ્રી પદ્માકરજી મુંજોલે શાસ્ત્રી | જયપુર |

| ક્રમ | ગામ | નામ | |
|---|---|---|---|
| ૪૫ | નાગદા | પં. શ્રી છગનલાલજી | લોહારદા |
| ૪૬ | લકડવાસ | પં. શ્રી ડોગરમલજી જૈન | ઉદયપુર |
| ૪૭ | દાહોદ | પં. શ્રી પૂનમચંદ માણિકચંદજી ગાંધી | બડોદા |
| ૪૮ | ગ્વાલિયર | પં. શ્રી સુશીલકુમારજી | રાઘૌગઢ |
| ૪૯ | બંડા-બેલઈ | પં. શ્રી શાંતિકુમારજી શાસ્ત્રી | મૌ |
| ૫૦ | બડવાર | પં. શ્રી રંગલાલજી | કુરાબડ |
| ૫૧ | જલગાંવ | પં. શ્રી મધુકરજી જૈન | મલકાપુર |
| ૫૨ | સનાવદ | પં. શ્રી નંદકિશોરજી ગોયલ | વિદિશા |
| ૫૩ | અમદાવાદ ( ખાડિયા ) | શ્રી નેમીચંદભાઈ | રખિયાલ |
| ૫૪ | હૈદરાબાદ | પં. શ્રી ચિમનલાલ કામદાર | સોનગઢ |
| ૫૫ | અજમેર | પં. શ્રી કપૂરચંદજી | કરેલી |
| ૫૬ | ઘાટકોપર | પં. શ્રી રમેશચંદ્રજી | લલિતપુર |
| ૫૭ | અમદાવાદ ( નવરંગપુરા ) | હીરાભાઈ ભીખાભાઈ | મુંબઈ |
| ૫૮ | સિકોહાબાદ | પં. શ્રી મણિભાઈ ભોલાભાઈ | મુનઈ |
| ૫૯ | ઉદયપુર | પં. શ્રી જ્ઞાનચંદજી | કરેલી |
| ૬૦ | ભીલવાડા | પં. શ્રી હરકચંદ બિલાલા | અશોકનગર |
| ૬૧ | લોહારદા | પં. શ્રી ઉગ્રસેનજી બન્ડી | ઉદયપુર |
| ૬૨ | કોટા | પં. શ્રી વિમલચંદ ઝાંઝરી | ઉજ્જૈન |
| ૬૩ | મૌ | પં. શ્રી અમોલકચદજી બન્ધુ | અશોકનગર |
| ૬૪ | રતલામ | પં. શ્રી મિશ્રીલાલજી ચૌધરી | ઉના |
| ૬૫ | મહેસાણા | પં. શ્રી ચન્દુલાલ શાહ | અંધેરી ( મુંબઈ ) |
| ૬૬ | લલિતપુર | પં. શ્રી દેવીલાલજી | ઉદયપુર |
| ૬૭ | બેંગલોર | પં. શ્રી પૂનમચંદજી છાવડા | ઇન્દોર |
| ૬૮ | ગૌરઝામર | પં. શ્રી નરોત્તમદાસજી | ખડેરી |
| ૬૯ | અલવર | પં. શ્રી વીરેન્દ્રકુમારજી | કરહલ |
| ૭૦ | રણાસણ | પં. શ્રી રમણભાઈ | તલોદ |
| ૭૧ | બોટાદ | પં. શ્રી છબીલભાઈ | સુરેન્દ્રનગર |
| ૭૨ | સુરેન્દ્રનગર | પં. શ્રી નવલભાઈ જે. શાહ | સોનગઢ |
| ૭૩ | ખન્ડવા | પં. શ્રી રમણલાલ માણિકલાલ શાહ | રખિયાલ |
| ૭૪ | રખિયાલ | પં. શ્રી અશોકભાઈ | ખંડવા |
| ૭૫ | વિદિશા | પં. શ્રી દીપચંદજી જૈન | ઇન્દોર |
| ૭૬ | કલકત્તા | પં. શ્રી શુકનરાજજી જૈન | સોનગઢ |
| ૭૭ | ચંદેરી | પં. શ્રી ચિન્તામણિજી જૈન | મૌ |
| ૭૮ | રુડકી | પં. શ્રી અરવિંદકુમારજી | કરહલ |
| ૭૯ | ઇન્દોર ( નેમીનગર ) | પં. શ્રી કસ્તુરચદજી | વેંગ-ગંજ |
| ૮૦ | ઇન્દોર ( તિલકનગર ) | પં. શ્રી નેમિચંદજી | મલકાપુર |
| ૮૧ | આરોન | પં. શ્રી બાબૂલાલજી ટોપીવાલા | બીના |
| ૮૨ | બીના ( બજરિયા ) | પં. શ્રી નરેશચંદ્રજી | ગોરમી |
| ૮૩ | મન્દસૌર | પં. શ્રી સુજાનમલજી મોદી | સોનગઢ |
| ૮૪ | ભીંડ | પં. શ્રી પ્રહલાદદાસ | મંદસૌર |
| ૮૫ | મલકાપુર | પં. શ્રી ચમ્પાલાલજી પટવારી | લલિતપુર |
| ૮૬ | એત્માદપુર | પં. શ્રી લક્ષ્મીચંદજી | શહાદરા |
| ૮૭ | બૂંદી | પં. શ્રી માંગીલાલજી | ઉદપુર |
| ૮૮ | સોમારી | પં. શ્રી કૈલાશચંદ્રજી | અશોકનગર |
| ૮૯ | મુંગાવલી | પં. શ્રી ધર્મચંદજી | વડૌત |
| ૯૦ | વાંરાં | પં. શ્રી હેમચંદજી ચેતન | જયપુર |
| ૯૧ | કુમ્ભરાજ | પં. શ્રી તારાચંદજી | ખડેરી |
| ૯૨ | વયાના | પં. શ્રી રામકિશનજી | કોટા |
| ૯૩ | સિંગોડી | પં. શ્રી કપૂરચંદભાઈજી | સાગર |
| ૯૪ | છતરપુર | પં. શ્રી મોતીલાલજી | કરેલી |

| ક્રમ | ગામ | નામ | |
|---|---|---|---|
| ૯૫ | મંડીબામૌરા | પં. શ્રી ધર્મચંદજી | અશોકનગર |
| ૯૬ | મહીદપુર | પં. શ્રી ઘાસીલાલજી | ગુના |
| ૯૭ | વાશિમ | પં. શ્રી કાંતિકુમારજી પાટની | ઇન્દૌર |
| ૯૮ | શિવપુરી | પં. શ્રી લાલજી રામજી | વિદિશા |
| ૯૯ | હરદા | પં. શ્રી જ્ઞાનચદજી ( પોસ્ટમાસ્તર ) | વિદિશા |
| ૧૦૦ | વિદિશા | પં. શ્રી પ્રબોધચંદજી | છિન્દવાડા |
| ૧૦૧ | ડોંગરગઢ | પં. શ્રી રિખવચંદજી | મંદસૌર |
| ૧૦૨ | ઇટારસી | પં. શ્રી શિખરચંદ | વિદિશા |
| ૧૦૩ | આલોદ | પં. શ્રી રમેશચંદજી જૈન | ઇટાવા |
| ૧૦૪ | ગંજવાસૌદા | પં. શ્રી દેવેન્દ્રકુમારજી | સિગોડી |
| ૧૦૫ | આગરા | પં. શ્રી ગંભીરચંદજી વૈદ્ય | આલીગંજ |
| ૧૦૬ | બડામલહરા | પં. શ્રી સ્વતંત્ર જૈન | વકસ્વાહા |
| ૧૦૭ | ગ્વાલિયર | પં. શ્રી મખ્ખનલાલજી | મૌ |
| ૧૦૮ | પિબુરઈ | પં. શ્રી દશરથલાલજી | સિવની |
| ૧૦૯ | કુરાવડ | પં. શ્રી ચંદૂભાઈ | ફતેપુર |
| ૧૧૦ | ગોરમી | પં. શ્રી તારાચંદજી | ખનિયાધાના |
| ૧૧૧ | ધાર | પં. શ્રી પન્નાલાલજી | કરેલી |
| ૧૧૨ | ઉજ્જૈન | પં. શ્રી મહેન્દ્રકુમારજી | વરાયઠા |
| ૧૧૩ | દેહરાદૂન | પં. શ્રી કૈલાશચંદ્રજી | બુલંદશહર |
| ૧૧૪ | ઉસ્માનાબાદ | પં. શ્રી દતોપંત લોખંડે | મેદખડ |
| ૧૧૫ | સેલૂ | પં. શ્રી નેમીચંદ પાટની | કન્નડ |
| ૧૧૬ | શિરપુર | પં. શ્રી ચમ્પકલાલ | મુંબઈ |
| ૧૧૭ | રામટેક | પં. શ્રી હરકચંદ | ગંગવાલ |
| ૧૧૮ | વસમતનગર | પં. શ્રી નેમીનાથ રાજારામ | |
| ૧૧૯ | મન્ડલા | પં. શ્રી નિર્મલકુમાર | સાગર |

| ક્રમ | ગામ | નામ | |
|---|---|---|---|
| ૧૨૦ | આગરા | પં. શ્રી પ્રકાશચંદજી પાંડયા | ઇન્દૌર |
| ૧૨૧ | રાધૌગઢ | પં. શ્રી ફૂલચંદજી જૈન | ઉજ્જૈન |
| ૧૨૨ | વાંકાનેર | પં. શ્રી નવલભાઈ શાહ | સોનગઢ |
| ૧૨૩ | જબેરા | પં. શ્રી લાલજી રામજી શાહ એડવોકેટ | |
| ૧૨૪ | હિંમતનગર | પં. શ્રી પ્રાણભાઈ પુરુષોત્તમ કામદાર | મુંબઈ |
| ૧૨૫ | કુટેરા | પં. શ્રી મગનલાલજી | અશોકનગર |
| ૧૨૬ | કોલારસ | પં. શ્રી ગિરનારીલાલ જૈન | |
| ૧૨૭ | હિંગોલી | પં. શ્રી ગોવિંદદાસજી | ખડેરી |
| ૧૨૮ | સિવની | પં. શ્રી શુભચંદજી | વિદિશા |
| ૧૨૯ | સબલપુર | પં. શ્રી સુમનભાઈ શેઠ | મુંબઈ |
| ૧૩૦ | સૂરત | પં. શ્રી ઝવેરીલાલ | દાહોદ |
| ૧૩૧ | મલાડ | પં. શ્રી હિંમતલાલ ડગલી | વિંછિયા |
| ૧૩૨ | વિંછિયા | પં. શ્રી મનહરભાઈ | બેંગલોર |
| ૧૩૩ | બડૌત | પં. શ્રી શિખરચંદ જૈન | |
| ૧૩૪ | લીમડી | પં. શ્રી શાંતિલાલ રેવાશંકર | સોનગઢ |
| ૧૩૫ | જેસીનગર | પં. શ્રી કોમલચંદજી | ટડા |
| ૧૩૬ | સિંગરામપુર | પં. શ્રી કુન્દનલાલજી | પથરિયા |
| ૧૩૭ | ગઢાકોટ | પં. શ્રી દેવેન્દ્રકુમારજી | વરાયઢા |
| ૧૩૮ | વરાયઢા | પં. શ્રી વિજયકુમાર જૈન | |

**નોંધઃ-** ૧૯૫ મુમુક્ષુ મંડળો તરફથી પર્યુષણપર્વ નિમિત્તે વાંચનાર મોકલવાની માંગણી આવેલી હતી; ઉપર મુજબ ૧૩૮ જગ્યાએ વિદ્વાન મોકલવામાં આવ્યા છે. ગત્ વર્ષ ૧૨૫ મંડળોની માંગણી આવેલી હતી ને ૧૦૫ જગ્યાએ વિદ્વાનો મોકલી શક્યા હતા.

[ બહેનશ્રી ચંપાબેનનો ૬૭ મો જન્મજયંતી મહોત્સવ... પાનું ૨ થી ચાલુ ]

આવા મંગલમૂર્તિ પવિત્ર આત્માના આ પાર્થિવ દેહનો જન્મદિવસ શ્રાવણ વદ બીજના દિને છે. ઇન્દ્રો દ્વારા આનંદે ઉજવાતા તીર્થંકરભગવંતના જન્મકલ્યાણકની જેમ, ભગવતી જ્ઞાનચેતનાથી શોભતા એવા આ પવિત્ર સાધકસંતની જન્મજયંતી ઊજવવા માટે ભક્તહૃદયો આનંદવિભોર થઈ થનગની ઊઠે તે સ્વાભાવિક છે.

પૂજ્ય ગુરુદેવ પણ પૂજ્ય બહેનશ્રીની પવિત્રતાની પ્રશંસા કરતાં ઘણી વાર પ્રમોદપૂર્વક કહે છે : 'બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દૃષ્ટિ, નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. જગતનાં મહાન ભાગ્ય કે બેન જેવો પવિત્ર આત્મા આ કાળે પાકયો છે. તેમનાં શાં વખાણ કરું! તેમને વખાણની કે બહારની કોઈ વસ્તુની કાંઈ પડી નથી, એ તો અંદરથી જ ઉદાસ... ઉદાસ છે, સંસારથી સાવ મરી ગયેલાં છે; તેમને વિશે વિશેષ શું કહું!! તેમને બેન કહું, દીકરી કહું કે ભગવતી માતા કહું! અમારે મન તો તે ભારતનું ધર્મરત્ન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિંદુસ્તાનનો ચળકતો તારો છે. '

અધ્યાત્મતીર્થપ્રભાવક પરમોપકારી આપણા પૂજ્ય ગુરુદેવ પ્રસન્નવિભોર થઈ અવાર-નવાર જેમની સ્વાનુભૂતિનો તથા ધર્મસંબંધી જાતિસ્મરણજ્ઞાનઋદ્ધિનો મહિમા પ્રકાશે છે તે અધ્યાત્મવિભૂતિ પૂજ્ય બહેનશ્રીની ૬૭ મી જન્મજયંતીનો મંગલ ઉત્સવ સુવર્ણપુરીમાં કઈ રીતે ઊજવવામાં આવ્યો હતો તેના સંક્ષિપ્ત સમાચાર 'આત્મધર્મ' ના વાચકવૃંદની જિજ્ઞાસાતૃપ્તિ અર્થે અત્રે આપવામાં આવે છે.

* ૬૭મી મંગલ જન્મજયંતીનો ઉત્સવ શ્રાવણ સુદ ૧૫ તથા શ્રાવણ વદ બીજ (વદ એકમનો ક્ષય)-એમ બે દિવસ લગભગ ત્રણ હજાર મુમુક્ષુવૃંદની ઉપસ્થિતિમાં અતિ આનંદોલ્લાસ પૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ માંગલિક મહોત્સવના ઉપલક્ષમાં શ્રાવણ સુદી ૧૩ થી 'શ્રી પંચપરમેષ્ઠી મંડલ-વિધાન પૂજા' સકલ સંઘે હર્ષોલ્લાસથી વિધિપૂર્વક કરી હતી. આ મંડલ વિધાન પૂજા સુરેન્દ્રનગરનિવાસી શ્રી ત્રંબકલાલ હિંમતલાલ ઘડીયાળી તરફથી રાખવામાં આવી હતી.

* રક્ષાબંધન પર્વના સુપ્રભાતથી બન્ને દિવસ શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમનું નભમંડળ ચોઘડિયાવાદનથી તથા પ્રસંગોચિત સુમધુરાં મંગલ ગીતોથી ગૂંજતું હતું. શ્રી જિનમંદિર, પરમાગમમંદિર તથા ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમ વિદ્યુતદીપાવલિઓથી શણગારવામાં આવ્યાં હતાં.

શ્રાવણ વદ બીજ–૬૭ મી જન્મજયંતીના આ મંગલ દિવસે જિનમંદિરમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાનપૂજાની પૂર્ણાહુતિ કરીને સકલ સમાજ શ્રી પરમાગમમંદિરમાં –પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રવચનસભામાં–પૂજ્ય બહેનશ્રીની થનાર બહુમાનવિધિને નીરખવા માટે એકત્ર થઈ ગયો હતો. પુષ્કળ ભીડ જામી હતી. પરમાગમમંદિર મુમુક્ષુ સમુદાયથી ઉભરાઈ ગયું હતું.

ખીચોખીચ ભરેલાં પરમાગમમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં પ્રવચન બાદ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તથા સોનગઢ દિગંબર જૈન મુમુક્ષુમંડળ વતી માનનીય પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીએ ધર્મરત્ન ભગવતીમાતા પૂજ્યપાદ બહેનશ્રી ચંપાબેનનાં કરકમળમાં ગુણસ્તુત્યંજલિ–પત્ર અર્પણ કર્યું હતું, જેનું વાંચન પ્રવચન પહેલાં શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના મંત્રી વિદ્વાન શ્રી ચિમનભાઈ મોદીએ કર્યું હતું. અર્પણ–વિધિ પ્રસંગે ઉપેક્ષાવૃત્તિએ અભિનંદ–પત્રને સ્વીકૃત કરી રહેલ પૂજ્ય બહેનશ્રીની વૈરાગ્યનીતરતી ગંભીર મુખમુદ્રા દેખીને સકલ સમાજ ભક્તિથી ને આનંદથી થનગની ઊઠયો હતો. આ શુભ પ્રસંગે પ્રશમરસ ઝરતી ગંભીર મુદ્રાયુક્ત બહેનશ્રીનાં ભવ્ય લલાટમાં કેસરનું તિલક કરીને હાર પહેરાવવાનું તથા હીરા–માણેક –મોતીથી વધાવવાનું સૌભાગ્ય નીચે મુજબ ૧૨ પરિવારને સાંપડયું હતું.

૧. શ્રી સંઘવી ભાઈઓ (વાંકાનેરવાળા) તથા તેમનો પરિવાર.
૨. શ્રી વ્રજલાલ મગનલાલ શાહ (જલગામ) તથા તેમનો પરિવાર.
૩. શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ, પં. શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ તથા બ્ર૦ કંચનબેન મગનલાલ તથા કુટુંબીજનો.
૪. શ્રી કસુંબાબેન બાલુભાઈ વોરા (આંકડિયા) તથા કુટુંબીજનો.
૫. શ્રી ત્રંબકલાલ હિંમતલાલ ઘડિયાળી (સુરેન્દ્રનગર) તથા તેમનો પરિવાર.
૬. શ્રી કાંતાબેન અનુપચંદ ખારા તથા તેમનો પરિવાર.
૭. શ્રી શાંતિલાલ તથા કાંતિલાલ ગિરધરલાલ શાહ (જોડીયાવાળા) તથા તેમનો પરિવાર
૮. શ્રી ધીરજલાલ કસ્તૂરચંદ ઝોબાળિયા તથા તેમનો પરિવાર.
૯. શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાળિયા તથા તેમનો પરિવાર.
૧૦. શ્રી જગજીવનદાસ બાઉચંદ દોશી તથા તેમનો પરિવાર.
૧૧. શ્રી સમરતબેન શાંતિલાલ ગાંધી (બોટાદ) તથા તેમનો પરિવાર.
૧૨. શ્રી મહેન્દ્રકુમાર સુંદરજી વારિયા તથા તેમનો પરિવાર.

એ રીતે પૂજ્ય ગુરુદેવના મંગલ સાન્નિધ્યમાં વિશાળ મુમુક્ષુ–સમુદાયની ઉપસ્થિતિમાં પૂજ્ય બહેનશ્રીનું અતિ આદરભાવપૂર્ણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય પ્રસંગ અદ્‌ભુત તેમ જ આહ્‌લાદકારી હતો. બહુમાન–વિધિ પ્રસંગની પૂજ્ય બહેનશ્રીની શમરસસ્યંદી ઉદાસીન નિસ્પૃહ મુદ્રાને પૂજ્ય ગુરુદેવ પણ અહોભાવથી જોઈ રહ્યા હતા. એ વખતે પૂજ્ય ગુરુદેવને એમ થતું હતું કે—બેન તો ખરેખર મહાન ધર્મરત્ન છે, એનું ગમે તેટલું બહુમાન કરો તે તેમની પવિત્રતા પાસે ઘણું ઓછું છે.

પૂજ્ય બહેનશ્રીના બહુમાનનું મનોહારી દ્રશ્ય નિહાળી હજારો મુમુક્ષુઓનાં હૃદય આનંદોર્મિથી ઊછળતાં હતાં. જયકારના ગગનવ્યાપી નાદોથી તથા પ્રાસંગિક મધુરાં ગીતોથી નભમંડળ ગૂંજી ઊઠયું હતું. આબાળવૃદ્ધ સૌનાં હૃદયો ભક્તિઊર્મિથી નાચતાં હતાં. સર્વત્ર આનંદ અને પ્રસન્નતા છવાયેલાં દ્રષ્ટિગોચર થતાં હતાં. આ પાવનકારી જન્મજયંતીની ખુશાલીમાં ‘૬૭’ અંકની તેમ જ વધાવવાની એમ કુલ લગભગ ૨ લાખ ૭૫ હજારની રકમો ‘બહેનશ્રીનાં વચનામૃત’ ને આરસમાં કોતરાવવા ખાતે જાહેર થઈ હતી. શ્રી વચનામૃતભવનનો શિલાન્યાસ–વિધિ ટૂંક સમયમાં થનાર છે. શિલાન્યાસવિધિ શ્રી પ્રફુલભાઈ નરભેરામ કામાણીના સુહસ્તે કરવામાં આવશે.

* બાર પરિવાર દ્વારા પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાના હોવાથી ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ૮ થી ૮ાા રાખવામાં આવ્યું હતું. ગુણસ્તુત્યંજલિપત્રના વાંચન પહેલાં, સકલ સમાજ વતી વિદ્વાન શ્રી ચિમનભાઈ મોદીએ પૂજ્ય બહેનશ્રીનો તથા ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તકનો ઉપકાર–મહિમા વ્યક્ત કરતું સુંદર ભાષણ કર્યું હતું.

* પૂજ્ય બહેનશ્રીના ઘરે કૃપાળુ પૂજ્ય ગુરુદેવના આહારના આહ્‌લાદકારી પ્રસંગ પછી આશ્રમમાં સમસ્ત મુમુક્ષુમંડળ તથા મહેમાનો પૂજ્ય બહેનશ્રીના દર્શન કરવા આવ્યાં હતાં :

* આ જન્મમહોત્સવની ખુશાલીમાં રક્ષાબંધનના દિવસે સ્વ. શ્રી હેમકુંવરબેન કામાણી તરફથી તથા જન્મજયંતીના દિવસે શ્રી સવિતાબેન રણછોડદાસ બરવાળાવાળા તરફથી સકલ સંઘને વાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું.

* સાધર્મી મુમુક્ષુભાઈઓ તત્ત્વજ્ઞાનનો વિશેષ લાભ લઈ શકે એ ભાવનાએ શ્રી કાંતિલાલ રામજીભાઈ મોટાણી–મુંબઈ તરફથી આ મહોત્સવની ખુશાલીમાં બન્ને દિવસો દરમિયાન પોણી કિંમતે પુસ્તકોનું વેચાણ રાખવામાં આવ્યું હતું, રૂા. ૧૮,૦૦૦/– ના પુસ્તકોનું વેચાણ થયું હતું.

* પાંચ ભાષામાં પ્રકાશિત થતાં ‘આત્મધર્મ’ની આજીવન સભ્ય ફી શ્રી કુંદકુંદ–કહાન –તીર્થ–સુરક્ષા ટ્રસ્ટ તરફથી રૂપિયા ૧૦૧/=ને બદલે રૂપિયા ૭૬/=રાખવામાં આવી હતી.

∗ શ્રી કુંદકુંદ–કહાન–દિગંબર જૈન ભજનમંડળી, ઘાટકોપર દ્વારા પ્રસંગોચિત ભક્તિ કાર્યક્રમો રજુ થયા હતા.

∗ આ માંગલિક મહોત્સવના ઉપલક્ષમાં રાત્રે મહિલા–મુમુક્ષુ સમાજમાં બહેનોએ, પ્રસંગોચિત્ત વિવિધ ભક્તિ–કાર્યક્રમો રજુ કર્યાં હતા.

∗ ખનિયાધાના સેવાદળના કાર્યકરોએ હીરાથી વધાવવાની–વિધિ પ્રસંગે તથા બન્ને દિવસોના વાત્સલ્યભોજન પ્રસંગે સુંદર વ્યવસ્થા સંભાળી હતી.

–આ રીતે ભક્તહૃદયોના માનસપટ પર આહ્લાદકારી સ્મરણો અંકિત કરતો ‘૬૭’ મો જન્મજયંતી મહોત્સવ સુવર્ણપુરીમાં આનંદોલ્લાસ પૂર્વક પૂર્ણતાને પામ્યો હતો.

## વિવિધ સમાચાર:-

પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજી રહ્યા છે. સવારે ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર તથા બપોરે શ્રી સમયસાર–પરિશિષ્ટ ઉપર મુજબ પૂજ્ય ગુરુદેવશ્રીના અપૂર્વ પ્રવચનો થઈ રહ્યા છે. પર્યુષણ–પર્વ નિમિત્તે ઘણા મહેમાનો સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લઈ રહ્યા છે.

∗ તા. ૮–૮–૮૦ થી તા. ૨૭–૮–૮૦ સુધી રાખવામાં આવેલા શિક્ષણ–શિબિરમાં ભાગ લેવા દેશભરમાંથી કુલ ૧૨ પ્રાંતોના ૨૩૧ ગામોમાંથી ૧૦૨૬ મહેમાનભાઈઓ આવ્યા હતા. ઉત્તમવર્ગમાં ડો. હુકમચદજી ભારિલ્લે તથા શ્રી જ્ઞાનચંદજી, વિદિશાએ અનુક્રમે નયચક્ર તથા મોક્ષમાર્ગ પ્રકાશક લીધા હતા. જઘન્ય વર્ગમાં શ્રી અભયકુમારજીએ તથા શ્રી રતનચંદજી ભારિલ્લે અનુક્રમે શ્રી લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા તથા શ્રી છ–ઢાળ લીધા હતા.

શિક્ષણ–શિબિર દરમિયાન સવારે ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર તથા બપોરે ‘શ્રી નિયમસાર–શુદ્ધભાવ–અધિકાર’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના સૂક્ષ્મ રહસ્યોદ્ઘાટક પ્રવચનો થયાં હતાં. ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપરનાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોથી હિન્દી સમાજ બહુ પ્રમુદિત થયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી પૂજ્ય બહેનશ્રીનો અસાધારણ જ્ઞાન–મહિમા સાંભળીને તથા વચનામૃતોની જ્ઞાન–ગંભીરતા સમજીને હિન્દી સમાજને પણ પૂજ્ય બહેનશ્રી પ્રત્યે તેમ જ બહેનશ્રીનાં વચનામૃત–પુસ્તક પ્રત્યે ખૂબ જ અહોભાવ વૃદ્ધિગત થયો હતો. હિન્દી મુમુક્ષુસમાજની જિજ્ઞાસાવૃત્તિ દેખીને હવેથી હિન્દી–આત્મધર્મમાં પણ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો આપવામાં આવશે.

* શિક્ષણ–શિબિરના બે વર્ગો ઉપરાંત ડો. હુકમચંદજી ભારિલ્લના કર્તાકર્મ–અધિકાર ઉપર રાત્રે તથા બપોરે પં. જ્ઞાનચંદજીના બાર ભાવના ઉપર પ્રવચનો થતા હતાં. તદુપરાંત અનેક પંડિતોના પણ પ્રવચનો અને સાધર્મી બંધુઓમાં પરસ્પર ચર્ચાવાર્તા સવારના ૫ થી રાત્રિના ૧૦ સુધી થતાં હતાં. પૂજ્ય ગુરુદેવશ્રીના બે ટાઈમના આત્મોન્નત્તિકારી પ્રવચનો તથા રાત્રિચર્ચાનો લાભ લેવા માટે આવેલા ભાઈઓ ઉપરાંત લગભગ હજારેક મહેમાન બહેનોએ પણ સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો તથા પૂજ્ય બહેનશ્રીની ૬૭ મી જન્મજયંતી–મહોત્સવનો લાભ લીધો હતો. સવારે ૫ થી ૬ મુરબ્બી પ્રમુખથી રામજીભાઈ દોશી ૯૭ વર્ષની ઉંમરે વાંચન કરતાં ને રાત્રે ૧૦ વાગ્યા સુધી અનેક વિદ્વાનોના કાર્યક્રમો થતાં. એ રીતે ૨૦ દિવસના શિબિર વખતે સોનગઢમાં જ્ઞાનપ્રાપ્તિનો મેળો ભરાયો હોય તેવું આનંદોલ્લાસભર્યું વાતાવરણ સર્જાયું હતું.

* દશ લક્ષણ મંડલ વિધાન પૂજા જેતપુરનિવાસી શ્રી ભાનુબેન જયંતીલાલ કામદાર તરફથી રાખવામાં આવી હતી.

* દર વર્ષની અપેક્ષાએ આ વર્ષે શિક્ષણ–શિબિર પ્રસંગે આવનાર મહેમાનોની તથા બહેનશ્રીના જન્મજયંતી પ્રસંગે આવનાર મુમુક્ષુઓની સંખ્યા વિશેષ–અધિક થવા પામી હતી.

* શ્રાવણ સુદ ૧૩ ના દિવસે સવારે પ્રવચન પછી સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન કરકમળે સમયસાર પરમાગમનું પહેલું પાનું ( હીરાજડિત ચાંદીના પત્રમાં કોતરાવીને ) શ્રી જડાવબેન નાનાલાલ જસાણીના પરિવાર તરફથી બિરાજમાન કરવામાં આવ્યું હતું.

* શ્રાવણ સુદ ૧૩ ના દિને સવારના પ્રવચન પછી શહપુરાનિવાસી ( મધ્ય પ્રદેશ ) બે કુમારિકાબહેનોએ શ્રી મીનાબેન તથા અજિતાબેને પૂજ્ય ગુરુદેવ સમક્ષ આજીવન બ્રહ્મચર્યપાલનની પ્રતિજ્ઞા અંગીકાર કરી હતી. બાલબ્રહ્મચારી બહેનોની કુલ સંખ્યા ૭૧ થઈ છે.

* શ્રી કુંદકુંદ–કહાન–પરમાગમ–પ્રવચન–ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત પ્રવચન–રત્નાકર ભાગ બીજો શ્રાવણ વદ ૧૩ ના રવિવારે બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણ કરીને તેની પ્રકાશનવિધિ કરવામાં આવી હતી.

* પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ‘સત્યકી ખોજ’ ભાગ બીજો ( હિન્દી ) પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણ કરીને તેની પ્રકાશનવિધિ કરવામાં આવી હતી.

## વૈરાગ્ય-સમાચાર:-

* વિંછીયાનિવાસી (હાલ વિલેપારલા) કુમુદબેન દામોદર ડગલી (વર્ષ–૫૬) તા. ૪–૭–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સાયલાનિવાસી ભંડારી ભૂરમલજી હીંમતમલજી (વર્ષ–૫૭) તા. ૨૩–૭–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગોધરાનિવાસી મણીલાલ શામળદાસ શાહ તા. ૨૬–૭–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી (હાલ ઘાટકોપર) શ્રી રતીલાલ ચતુરભાઈ અજમેરા (વર્ષ–૭૮) તા. ૨૮–૭–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી (હાલ સાયન) શ્રી મંગુબેન રતીલાલ મુલતાની (વર્ષ–૭૩) તા. ૩૧–૭–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી ઝવેરચંદભાઈ ખેતશી ચંદરી (વર્ષ–૬૪) તા. ૧–૮–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી મેઘજીભાઈ નથભાઈ માલદે (વર્ષ–૫૮) તા. ૧૨–૮–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોજિત્રાનિવાસી મનુભાઈ છગનલાલ શાહના માતુશ્રી મણીબેન (વર્ષ–૮૦) તા. ૮–૮–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* દાહોદનિવાસી વસંતીબેન મીઠાલાલ સરૈયા (વર્ષ–૬૭) તા. ૧૨–૮–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી હઠીશંગભાઈ ગલાવચંદભાઈ પારેખ (વર્ષ–૮૪) તા. ૧૯–૮–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી શ્રી પોપટલાલ છગનલાલના માતુશ્રી જડીબેન (વર્ષ–૯૮) તા. ૨૦–૮–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મંદસૌર (મ. પ્ર.) નિવાસી શ્રી કન્હૈયાલાલજી દોશી બરતનવાલા (વર્ષ–૫૦) તા. ૨૧–૮–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* આણંદનિવાસી ગાંધી ધરમશીભાઈ નાનચંદ ( વર્ષ–૮૫ ) તા. ૨૩–૮–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ધ્રાંગધ્રા નિવાસી ( હાલ–સોનગઢ ) મોતીબેન છોટાલાલ [ શ્રી રજનીકાંતભાઈ તથા બ્ર. કંચનબેનના માતુશ્રી ] તા. ૨–૯–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટ નિવાસી ખુશાલચંદ પાનાચંદ કામદાર ( વર્ષ–૭૪ ) તા. ૪–૯–૮૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગર ( હાલ–મુંબઈ ) ચીમનલાલ હઠીશીંગ શેઠ ( સી. સી. શેઠ ) ( વર્ષ–૬૧ ) તા. ૪–૯–૮૦ ના રોજ હાર્ટ–ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ મુમુક્ષુઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપહારી અમૃતવાણીનો લાભ લેતા હતા. વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. સદ્‌ગત આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

❀ ❀ ❀

હે જીવ ! માંસ, હાડ, વીર્ય, રુધિર, પિત્ત, આંતરથી ઝરતી મુડદા જેવી દુર્ગન્ધથી યુક્ત તથા અપક્વ મલસહિત, બળખા, ચર્બી અને પરૂ આદિ અપવિત્ર વસ્તુઓથી ભરેલ આ દેહરૂપી ઘડાનું સ્વરૂપ વિચાર.

**શ્રી પદ્મનંદિપંચવિંશતિ.**

## શું આપ સમયસાર-શાસ્ત્રનું સ્વતંત્ર વાંચન કરી શકતા નથી ?

## શું આપના ગામમાં સમૂહ સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચાલતી નથી ?

તો આપ સમયસાર ઉપર, આધ્યાત્મિક સંત પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં પ્રવચનોઃ– પ્રવચન રત્નાકર ભાગ ૧ તથા ભાગ ૨ તુરત મંગાવો અને આપનો કિંમતી સમય સ્વાધ્યાયમાં ગાળો.

સ્વાધ્યાય કરનારાઓને ઓછી કિંમતે આ સાહિત્ય પ્રાપ્ત થાય તે હેતુએ એક યોજના વિચારેલ છે જે આપ સૌની જાણ માટે નીચે મુજબ આપેલ છે.

(૧) વીસ હજાર રૂપિયા આપનારને જે ભાગ પ્રકાશિત થાય તેની સર્વ પ્રત– પાંચ હજાર પ્રતમાં એક ફોટો મુકવા દેવામાં આવશે તથા તે એકસો પ્રત ભેટ આપવામાં આવશે.

(૨) દસ હજાર રૂપીયા આપનારને જે ભાગ પ્રકાશિત થાય તેની બે હજાર પાંચસો પ્રતમાં એક ફોટો મુકવા દેવામાં આવશે તથા પચાસ પ્રત ભેટ આપવામાં આવશે.

## -: પ્રવચન રત્નાકર પ્રાપ્તિનું સ્થાન:-

(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પીન ૩૬૪૨૫૦.


(૨) શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈ. ઠે. ૧૭૩/૭૫ મમ્માદેવી રોડ, મુંબઈ ૨ પીન ૪૦૦૦૦૨.

(૩) શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ નવરંગપુરા, ઠે. ૪ લલિતકુંજ સોસાયટી, અમદાવાદ ૭, પીન. ૩૮૦૦૦૭. ફોન નં. ૪૪૦૮૧૨.

(૪) શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મહાવીરનગર સોસાયટી, હિંમતનગર (જીલ્લો બનાસકાંઠા).

(૫) શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ૫૮૮ સર પટ્ટણી રોડ, ભાવનગર.

## આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો




(૧) આ જિનાગમ સર્વ પ્રાણીઓની રક્ષા કરવાવાળું છે. જે જીવોએ તેનો આશ્રય લીધો છે તેઓ અનંત સંસાર-સાગરને ઉલ્લંઘી જઈને મુક્ત થયા છે. આવું આ જિનશાસન સર્વકાળ વૃદ્ધિ પામો. આવા જિનશાસનને હું નમસ્કાર કરું છું.
(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર, સંક્ષેપ પ્રત્યાખ્યાન અધિકાર, ગાથા-૧૧)

(૨) હે ભવ્ય જીવ! સમ્યગ્જ્ઞાનની આરાધના કરો, આ સમ્યગ્જ્ઞાન પાપરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છે, મોક્ષરૂપી લક્ષ્મીના નિવાસ માટે કમળ સમાન છે, કામરૂપી સર્પને વશ કરવાને મંત્ર સમાન છે, મનરૂપી હાથીને વશ કરવાને સિંહ સમાન છે, આપદારૂપી મેઘને ઉડાડી દેવા પવન સમાન છે, સમસ્ત તત્ત્વનો પ્રકાશ કરવા માટે દીપક સમાન છે, તથા પાંચ ઇન્દ્રિયના વિષયોરૂપી માછલાને પકડવા માટે જાળ સમાન છે.
(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાવર્ણ, સર્ગ-૨૨, શ્લોક-૭)

(૩) જે લોકો કહે છે કે ધ્યાનનો આ કાળ નથી અર્થાત્ આ કાળમાં ધ્યાન થઈ શકતું નથી, તેથી આ કાળમાં ધ્યાન કરવું ન જોઈએ, તે લોકો પોતાની જાતે જ પોતાના અરિહંતદેવે કહેલા મતની અજાણકારીને પ્રગટ કરે છે.
(શ્રી નાગસેન મુનિરાજ, તત્ત્વાનુશાસન, શ્લોક-૮૨)

(૪) જેનું ચિંતન કરવાથી, ધ્યાન કરવાથી ઋષિઓ પરમ પદને પામે છે, જેની સ્તુતિ ઇન્દ્ર, ધરણેન્દ્ર, નરેન્દ્ર અને ગણધરદેવો સર્વ મદ તજીને કરે છે, વેદ પુરાણ જેને બતાવે છે, યમરાજના દુઃખના પ્રવાહને જે હરે છે—એવી જિનવાણી, તેને હે ભવ્ય જીવો! દ્યાનતરાયજી કહે છે કે તમે અનેક વિકલ્પરૂપ નદીનો ત્યાગ કરીને તમારા હૃદયને વિશે નિત્ય ધારણ કરો. **(દ્યાનત-વિલાસ, પદ-૩૩)**

---


તંત્રી : ડો. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૨૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]



૬૭ મી જન્મજયંતી પ્રસંગે, સકલ મુમુક્ષુ સમાજ વતી, મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશી હજારો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને ગુણસ્તુત્યંજલિ પત્ર અર્પણ કરી રહ્યા છે.

**જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય**

**તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે. —તંત્રી**